dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -10 । Issue- 53 । AD - 2026, Kartak Vad-02 । Thursday, Dt. 26-11-2026 । Editor : Vasant Movliya : Phone : (02792) 225225 । E-mail : sanjognews@gmail.com । Page-08 Price : Rs.3-00

બાંધકામ સાધનોના સ્થાનિક ઉત્પાદન માટે ૧૧ હજાર કરોડની યોજના; આસામમાં નવું એરપોર્ટ, તમિલનાડુમાં કન્ટેનર ટર્મિનલ અને પોસ્ટ ઓફિસોના આધુનિકીકરણને વેગ મળશે

દેશના વિકાસ માટે મોદી કેબિનેટના પાંચ મોટા નિર્ણય, ૧૯,૯૩૪ કરોડના ખર્ચને મંજૂરી

નવી દિલ્હી, તા.૨૫

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં દેશના વિકાસ અને માળખાગત સુવિધાઓને મજબૂત બનાવવા માટે પાંચ મોટા નિર્ણયો લેવામાં આવ્યા છે. સરકાર દ્વારા આ યોજનાઓ માટે કુલ ૧૯,૯૩૪ કરોડના ખર્ચને મંજૂરી આપવામાં આવી છે. જેમાં બાંધકામ સાધનોના સ્થાનિક ઉત્પાદન, નવા એરપોર્ટ, બંદરના વિકાસ તેમજ પોસ્ટલ સેવાઓના આધુનિકીકરણનો સમાવેશ થાય છે. કેબિનેટે બાંધકામ અને માળખાગત સાધનોના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે ૧૧,૦૦૦ કરોડની યોજનાને મંજૂરી આપી છે. આ યોજના નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭થી ૨૦૩૩-૩૪ સુધી આઠ વર્ષ માટે અમલી બનશે. હાલમાં ભારતના આ ક્ષેત્રની આશરે ૪૫ ટકા જરૂરિયાત આયાત દ્વારા પૂરી કરવામાં આવે છે.

આથી આયાત પરની નિર્ભરતા ઘટાડવા ટનલ બોરિંગ મશીન, ક્રેન, લોડર, ખોદકામનાં મશીનો, ડ્રિલિંગ મશીન સહિત સાત પ્રકારનાં સાધનોનું દેશમાં ઉત્પાદન વધારવામાં આવશે. બીજા નિર્ણયમાં તમિલનાડુના કામરાજર પોર્ટ ખાતે બીજા કન્ટેનર ટર્મિનલના વિકાસ માટે ૪,૨૮૮ કરોડના પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે. ૧૧૧ એકર જમીન પર વિકસનારા આ ટર્મિનલની વાર્ષિક ક્ષમતા ૨૦ લાખ ટીઈયુ રહેશે. ૯૦૦ મીટર લાંબો બર્થ



ધરાવતો આ પ્રોજેક્ટ જાહેર-ખાનગી ભાગીદારીના ધોરણે તૈયાર કરવામાં આવશે. તેનાથી દરિયાઈ વેપાર અને બંદરની ક્ષમતામાં વધારો થવાની અપેક્ષા છે.

આસામના સિલચરના ડોલુ વિસ્તારમાં નવા ગ્રીનફિલ્ડ એરપોર્ટના નિર્માણ માટે ૨,૦૧૪ કરોડની મંજૂરી આપવામાં આવી છે. એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા પોતાના આંતરિક સંસાધનોમાંથી આ ખર્ચ કરશે. આ એરપોર્ટની વાર્ષિક મુસાફર ક્ષમતા ૧૦.૧ લાખ રહેશે. હાલના એરપોર્ટમાં જગ્યાની મર્યાદા હોવાથી નવું એરપોર્ટ બનાવવાનો નિર્ણય લેવાયો છે. તેનાથી ઉત્તરપૂર્વના વિસ્તારોમાં હવાઈ જોડાણ, પ્રવાસન અને વેપારને વેગ મળશે. આ ઉપરાંત આગામી પાંચ વર્ષમાં પોસ્ટ ઓફિસોના આધુનિકીકરણ માટે ૧,૧૪૧ કરોડની ફાળવણી કરવામાં આવી છે. તેના દ્વારા ગ્રામીણ પોસ્ટ ઓફિસોની સુવિધાઓ સુધારવા, ટપાલ અને પાર્સલ વિતરણ વ્યવસ્થા મજબૂત બનાવવા તેમજ સરકારી યોજનાઓનો લાભ લોકો સુધી પહોંચાડવામાં આવશે. પોસ્ટ વિભાગની એસ્ટેટ મેનેજમેન્ટ યોજના ચાલુ રાખવા માટે પણ ૧,૪૯૧ કરોડ મંજૂર કરાયા છે. વર્ષ ૨૦૨૬-૨૭થી ૨૦૩૦-૩૧ દરમિયાન નવી પોસ્ટ ઓફિસોનું નિર્માણ, જૂની ઇમારતોનું નવીનીકરણ, સ્ટાફ ક્વાર્ટર અને ઐતિહાસિક ઇમારતોની જાળવણી કરવામાં આવશે. આમ, કેન્દ્ર સરકારના આ પાંચ નિર્ણયો દ્વારા દેશના ઉત્પાદન ક્ષેત્ર, પરિવહન, વેપાર અને પોસ્ટલ સેવાઓને વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

રાહુલ ગાંધી સામે CBI-ED તપાસના આદેશ પર સુપ્રીમ કોર્ટે રોક લગાવી

અલ્હાબાદ હાઈકોર્ટનો અગાઉનો આદેશ રદ કરી કેસ ફરી મોકલ્યો

નવી દિલ્હી,તા.૨૫

સુપ્રીમ કોર્ટે બુધવારે રાહુલ ગાંધી સામે CBI અને EDને તપાસના નિર્દેશ આપતા અલ્હાબાદ હાઈકોર્ટના આદેશને રદ કરી દીધો હતો. સુપ્રીમ કોર્ટના આ નિર્ણયથી આ મામલે તપાસના અગાઉના આદેશ પર રોક લાગી છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી. મોહનાની



બનેલી બેન્ચે કેસ ફરી અલ્હાબાદ હાઈકોર્ટમાં મોકલવાનો આદેશ આપ્યો હતો. સાથે જ હાઈકોર્ટને રાહુલ ગાંધીને આ કેસમાં પક્ષકાર બનાવી તેમનો પક્ષ સાંભળ્યા બાદ નવેસરથી નિર્ણય લેવા જણાવ્યું હતું.ઉલ્લેખનીય છે કે મે મહિનામાં અલ્હાબાદ હાઈકોર્ટે ભાજપના કાર્યકર એસ. વિઘ્નેશ શિશિરની ફરિયાદના આધારે CBI અને EDને આરોપોની તપાસ કરવા નિર્દેશ આપ્યો હતો. ફરિયાદમાં રાહુલ ગાંધી અને તેમના પરિવારના અન્ય સભ્યો સામે તપાસ કરવાની માંગ કરવામાં આવી હતી.

આ આદેશને રાહુલ ગાંધીએ સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. તેમણે દલીલ કરી હતી કે અરજદારને આ મામલે ફરિયાદ કરવાનો કોઈ કાયદેસર અધિકાર નથી. ઉપરાંત, અરજદારે પોતાની ઓળખ અને લાયકાત અંગે પણ પૂરતી વિગતો રજૂ કરી નથી. હવે અલ્હાબાદ હાઈકોર્ટ બંને પક્ષોની રજૂઆતો સાંભળ્યા બાદ આ મામલે નવો આદેશ આપશે.

ખાનગી ક્ષેત્રે બનાવેલું પ્રથમ PSLV રોકેટ ૨૦૨૭માં લોન્ચ માટે તૈયાર

નવી દિલ્હી,તા.૨૫

ઈસરોના પ્રમુખ વી. નારાયણને મંગળવારે નવી દિલ્હીમાં જણાવ્યું હતું કે ખાનગી ક્ષેત્ર દ્વારા બનાવવામાં આવી રહેલું પ્રથમ PSLV રોકેટ લોન્ચ માટે તૈયાર થઈ રહ્યું છે. PSLV-N1ને ૨૦૨૭ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં લોન્ચ કરવાનું આયોજન છે. દિલ્હીમાં યોજાયેલી પાંચમી ઈન્ડિયા ઈન્ટરનેશનલ સ્પેસ કોન્ફરન્સ દરમિયાન તેમણે આ માહિતી આપી હતી.નારાયણને જણાવ્યું કે અગાઉ ઈસરો ઉદ્યોગોની મદદથી PSLV બનાવતું હતું, પરંતુ હવે L&T અને HALના



કન્સોર્ટિયમને પાંચ PSLV રોકેટ બનાવવાની જવાબદારી સોંપવામાં આવી છે. ઈસરોની વ્યાપારી શાખા NSILએ સપ્ટેમ્બર ૨૦૨૨માં રૂ.૮૬૦ કરોડનો કોન્ટ્રાક્ટ કર્યો હતો. તેમણે જણાવ્યું કે ગગનયાન મિશનમાં કોઈ વિલંબ થયો નથી અને મિશન અંતિમ તબક્કામાં છે. રોકેટ સહિતની જરૂરી વસ્તુઓ તૈયાર છે, જ્યારે હાલમાં ઓર્બિટલ મોડ્યુલ પર કામ ચાલી રહ્યું છે. પ્રથમ તક મળતાં જ મિશન લોન્ચ કરવામાં આવશે.નારાયણનના જણાવ્યા મુજબ, ઈસરો પાસે હાલમાં ભ્રમણકક્ષામાં ૫૬ સ્પેસ એસેટ્સ છે. સેટેલાઈટ લોન્ચિંગમાં ઝડપ લાવવા સરકાર સ્ટાર્ટઅપ્સ સાથે કામ કરી રહી છે. એક સ્ટાર્ટઅપથી વધીને દેશમાં ૪૪૦થી વધુ સ્ટાર્ટઅપ્સ થયા છે. ઈસરો અને INSPACE ખાનગી કંપનીઓને સહયોગ આપી રહ્યા છે. આગામી પાંચ વર્ષમાં તેના પરિણામો જોવા મળશે. ભારત ૬૪ દેશો સાથે અવકાશ ક્ષેત્રે સહયોગ કરી રહ્યું છે. અત્યાર સુધી ૩૪ દેશોના ૪૩૪થી વધુ સેટેલાઈટ ભારતની ધરતી પરથી લોન્ચ કરાયા છે.

સાઉદી અરેબિયામાં હૂતી વિદ્રોહીઓના હુમલામાં બે ભારતીયો ઘાયલ

ભારતીય વિદેશ મંત્રાલયે હુમલા તાત્કાલિક બંધ કરવાની માંગ કરી

નવી દિલ્હી,તા.૨૫

પશ્ચિમ એશિયામાં ઈરાન અને અમેરિકા વચ્ચેના યુધ્ધ બાદ સાઉદી અરેબિયા અને હૂતી વિદ્રોહીઓ વચ્ચે તણાવ વધી રહ્યો છે. મંગળવારે રિયાધમાં હૂતી વિદ્રોહીઓના હુમલામાં ઓછામાં ઓછા બે ભારતીય નાગરિકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. આ ઘટનાની ભારત સરકારે કડક નિંદા કરી છે. બુધવારે ભારતીય



વિદેશ મંત્રાલયે નિવેદન જાહેર કરીને આવા હુમલા તાત્કાલિક બંધ કરવાની માંગ કરી હતી. મંત્રાલયે જણાવ્યું કે રિયાધ સ્થિત ભારતીય દૂતાવાસ ઘાયલો અને તેમના પરિવારોને તમામ શક્ય સહાય પૂરી પાડી રહ્યો છે. ભારતે કહ્યું કે આવા હુમલાઓથી નિર્દોષ નાગરિકોના જીવ જોખમાય છે તેમજ સાઉદી અરેબિયાની સંપ્રભુતા અને પ્રાદેશિક સુરક્ષાને નુકસાન પહોંચે છે. ભારતે સાઉદી સરકાર અને જનતા પ્રત્યે એકતા દર્શાવી તેની પ્રાદેશિક અખંડિતતા અને નાગરિકોની સુરક્ષા માટે સમર્થન જાહેર કર્યું હતું. સાથે જ વિસ્તારમાં શાંતિ અને સામાન્ય સ્થિતિ વહેલી તકે પુનઃસ્થાપિત થાય તેવી આશા વ્યક્ત કરી હતી.



પ્રશાંત મહાસાગરમાં મેગા અલ નીનોના સંકેત, સમુદ્રનું તાપમાન સામાન્ય કરતાં ૧૦ ડિગ્રી વધુ

નવી દિલ્હી,તા.૨૫

પ્રશાંત મહાસાગરમાં અલ નીનોની સ્થિતિ રેકોર્ડ સ્તરે પહોંચી રહી હોવાના સંકેતો મળી રહ્યા છે. પેરુ અને ગાલાપાગોસ દ્વીપસમૂહ નજીક કેટલાક વિસ્તારોમાં સમુદ્રની સપાટીનું તાપમાન સામાન્ય કરતાં ૧૦ ડિગ્રી સેલ્સિયસ સુધી વધુ નોંધાયું છે. ઓક્ટોબરમાં આ તફાવત ૬થી ૭ ડિગ્રી હતો. યુરોપિયન આબોહવા સેવા કોપરનિકસના જણાવ્યા મુજબ, ઓક્ટોબરમાં મધ્ય



પ્રશાંતના મુખ્ય વિસ્તારમાં સરેરાશ તાપમાન ૨૯.૯૪ ડિગ્રી નોંધાયું હતું, જે ૧૯૮૨-૮૩, ૧૯૯૭-૯૮ અને ૨૦૧૫-૧૬ના અલ નીનોના ટોચના તાપમાન કરતાં પણ વધુ છે. વિશ્વ હવામાન સંગઠનના અનુમાન મુજબ ડિસેમ્બરમાં અલ નીનો ચરમસીમાએ પહોંચી શકે છે અને માર્ચ ૨૦૨૬ સુધી શક્તિશાળી રહેવાની સંભાવના ૭૯ ટકાથી વધુ છે.





સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
02
ગુરૂવાર, તા.૨૬-૧૧-૨૦૨૬

મોંઘવારી અને બ્રિજરાજ સોલંકીની ધરપકડના વિરોધમાં લાઠીમાં આમ આદમી પાર્ટીનું આવેદન

અમરેલી,તા.૨૫



લાઠીમાં આમ આદમી પાર્ટી દ્વારા વધતી મોંઘવારી અને પ્રદેશ યુવા અધ્યક્ષ બ્રિજરાજ સોલંકીની ધરપકડના વિરોધમાં પદયાત્રા યોજવામાં આવી હતી. ચાવંડ દરવાજાથી પ્રાંત કચેરી સુધી યોજાયેલી પદયાત્રા બાદ કાર્યકરોએ પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યું હતું. આવેદનપત્રમાં દૂધ, શાકભાજી, ગેસ, પેટ્રોલ અને ડીઝલ સહિતની જીવનજરૂરી ચીજવસ્તુઓના વધતા ભાવ અંગે રજૂઆત કરવામાં આવી હતી. મોંઘવારીના કારણે સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવારોનું ઘરનું બજેટ ખોરવાઈ રહ્યું હોવાનું જણાવી સરકાર પાસે રાહત આપવાની માંગ કરવામાં આવી હતી. આ ઉપરાંત સરગવા ગામે ગેસ પાઇપલાઈનના મુદ્દે અસરગ્રસ્ત ખેડૂતોને સમર્થન આપવા પહોંચેલા બ્રિજરાજભાઈ સોલંકીની પોલીસ ધરપકડનો વિરોધ કરાયો હતો. ખેડૂતોના પ્રશ્નો ઉકેલવા અને રજૂઆતો સાંભળવાની માંગ સાથે આપના કાર્યકરો જોડાયા હતા.

કોવાયા અલ્ટ્રાટેક કંપનીના યાર્ડમાં લુટનો ભેદ ઉકેલાયો: છ આરોપીઓ ઝડપાયા

કોવાયા,તા.૨૫


તસવીર : ગોપાલ રાઠોડ

કોવાયા ગામે આવેલી અલ્ટ્રાટેક કંપનીના યાર્ડમાં ધાડ પાડવાના ગુનાનો મરીન પીપાવાવ પોલીસે ભેદ ઉકેલી છ આરોપીઓને ઝડપી પાડ્યા છે. ગત તા. ૯ નવેમ્બરના રોજ બુકાનીધારી શખ્સોએ સિક્યુરિટી ગાર્ડને માર મારી છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ ૩૦૫ મીટર કોપર કેબલ, જેની કિંમત રૂ.૧,૨૭,૮૫૬ હતી, તેની લૂંટનો પ્રયાસ કર્યો હતો. પોલીસે ખાનગી બાતમી અને ટેકનિકલ વિશ્લેષણના આધારે છ આરોપીઓને મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા છે. પોલીસે મોબાઈલ, મોટરસાઈકલ, ડસ્ટર કાર, ટ્રેક્ટર-ટ્રોલી, કેબલ કટર, ટોર્ચ અને અન્ય સાધનો સહિત કુલ રૂ.૧૧,૨૪,૮૧૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. જ્યારે ગુનામાં સંડોવાયેલા અન્ય પાંચ આરોપીઓની શોધખોળ ચાલુ છે.

ધામેલ ગામે મહિલા પાસેથી ૩ લિટર દેશી દારૂ પકડાયો

જિલ્લામાં ૯ ઈસમો દારૂ પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા

લાઠી,તા.૨૫

જિલ્લામાં બે સ્થળેથી ૪ લિટર દેશી દારૂ પકડાયો હતો. લાઠીના ધામેલ ગામેથી એક મહિલા પાસેથી ૩ લિટર તથા જાફરાબાદના સામાકાંઠા વિસ્તારમાં આવેલ લાલબત્તી પાસેથી ૧ લિટર મળી કુલ ૪ લિટર દેશી દારૂ ઝડપાયો હતો. આ ઉપરાંત, ધારીમાંથી ૪ તેમજ જાફરાબાદ, નાના માચિયાળા, દામનગર, બગસરા અને ડુંગર ગામેથી ૧-૧ મળી કુલ ૯ ઈસમો પાસ-પરમિટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

૧૧ મહિનામાં પતિ-પત્ની બંનેનું દેહદાન : જાળીયાના સોલંકી પરિવારનું પ્રેરણાદાયી કાર્ય

અમરેલી,તા.૨૫



અમરેલી જિલ્લાના જાળિયા ગામના સોલંકી પરિવારે દેહદાન થકી માનવસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. ગત ૦૮ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સ્વ. રાણીબેન સોલંકીના દેહદાન બાદ ૧૧ મહિનાના સમયગાળામાં તેમના પતિ સ્વ. ચકાભાઈ માણસુરભાઈ સોલંકી (ઉ.વ.૯૨)નું દુઃખદ અવસાન થતાં પરિવારે તેમનું પણ દેહદાન કરવાનો ઉમદા નિર્ણય લીધો હતો. સ્વ. ચકાભાઈના પાર્થિવ દેહનું અમરેલી સિવિલ હોસ્પિટલમાં દેહદાન કરવામાં આવ્યું હતું. દેહદાનથી તબીબી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને માનવ શરીરની રચના સમજવામાં અને સંશોધન કરવામાં મદદ મળે છે. પતિ-પત્ની બંનેના દેહદાન થકી સોલંકી પરિવારે સમાજને માનવસેવાનો પ્રેરણાદાયી સંદેશ આપ્યો છે. મૃત્યુ બાદ પણ માનવજાતની સેવા કરી શકાય છે તે આ પરિવારે પોતાના કાર્યથી સાબિત કરી બતાવ્યું છે.

ખેલ મહાકુંભ કરાટે સ્પર્ધાની તારીખોમાં ફેરફાર

અમરેલી,તા.૨૫

અમરેલી જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર દ્વારા ખેલ મહાકુંભ-૨૦૨૬ અંતર્ગત યોજાનારી જિલ્લાકક્ષાની કરાટે સ્પર્ધાની તારીખોમાં આકસ્મિક કારણોસર ફેરફાર કરવામાં આવ્યો છે. નવા આયોજન મુજબ તમામ વયજૂથની બહેનો માટેની કરાટે સ્પર્ધા તા. ૧૦ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ અને તમામ વયજૂથના ભાઈઓ માટેની સ્પર્ધા તા. ૧૧ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ યોજાશે. બંને સ્પર્ધાઓ સવારે ૮ વાગ્યે લાલાવદર સ્પોર્ટ્સ સંકુલ, લીલીયા રોડ, લાલાવદર ખાતે યોજવામાં આવશે. સ્પર્ધા અંગે વધુ માહિતી અને માર્ગદર્શન માટે કન્વીનર વિકુસભાઈ ભેડા (મો. ૯૨૬૫૨૯૩૭૪૮) અથવા દિગ્વિજયસિંહ ઝાલા (મો. ૯૪૨૭૨૭૫૨૮૩)નો સંપર્ક કરવા જિલ્લા રમતગમત અધિકારી (ઇન્ચાર્જ), અમરેલીની યાદીમાં જણાવાયું છે.

સાવરકુંડલાની જે.વી. મોદી હાઈસ્કૂલમાં કવિ રમેશ પારેખને ભાવભરી શ્રધ્ધાંજલિ

અમરેલી,તા.૨૫



સાવરકુંડલાની જે.વી. મોદી હાઈસ્કૂલ ખાતે અમરેલીના જાણીતા કવિ સ્વ. રમેશ પારેખની ૨૭ નવેમ્બરની જન્મજયંતિ નિમિત્તે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. મુખ્ય વક્તા તરીકે કવિ અને લેખક કેતનભાઈ જોશીએ રમેશ પારેખનાં બાળગીતો, કવિતાઓ અને જીવનકવન વિશે વક્તવ્ય આપ્યું હતું. કાર્યક્રમની શરૂઆત વિજયભાઈ મહેતાના સ્વાગત ગીતથી થઈ હતી. ઈન્ચાર્જ આચાર્ય જીતુભાઈ ભટ્ટે સ્વાગત કર્યું હતું. અંતે ઉપસ્થિતોએ કાવ્યપઠન કરી કવિવરને ભાવાંજલિ અર્પણ કરી હતી.

સાવરકુંડલામાં ૩૮મા સર્વરોગ આયુર્વેદ નિદાન કેમ્પમાં મોટી સંખ્યામાં દર્દીઓએ લાભ લીધો

સાવરકુંડલા,તા.૨૫



સાવરકુંડલામાં આયુષ વિભાગ, ગુજરાત રાજ્ય અને જિલ્લા આયુર્વેદ અધિકારી, અમરેલીના માર્ગદર્શન હેઠળ સરકારી આયુર્વેદ દવાખાનું ખડકાળા તથા ડૉ. હેડગેવાર સેવા સમિતિના સંયુક્ત ઉપક્રમે હાથસણી રોડ સ્થિત ઉતાવળા હનુમાન મંદિર ખાતે ૩૮મો સર્વરોગ આયુર્વેદ નિદાન અને સારવાર કેમ્પ યોજાયો હતો. કેમ્પમાં વિવિધ રોગોના દર્દીઓનું નિદાન કરી નિઃશુલ્ક સારવાર અને ઔષધિઓ આપવામાં આવી હતી. દિનચર્યા અને ઋતુચર્યા અંગે માર્ગદર્શન સાથે આરોગ્યલક્ષી પત્રિકાઓનું વિતરણ કરાયું હતું. કેમ્પમાં મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો. વૈદ્ય કૌશલ ગોંડલીયા સહિત વિનાયકભાઈ પરમાર, પંકજભાઈ વ્યાસ અને અન્ય કાર્યકરોએ સેવા આપી હતી.

ખુલાસો

બાબરા

ચરખા ગામે રહેતા રાજુભાઈ આગલોતરનું અકસ્માતમાં મોત થયુ છે. શરતચૂકથી વિશાલભાઈના મોતના સમાચાર લખાઈ ગયા હતા. જો કે અકસ્માતમાં વિશાલભાઈના પિતાનું મૃત્યુ થયુ હતુ. શરતચૂકથી સમાચાર લખવા બદલ અમો દિલગીર છીએ.



બગસરાના અમરપરા એસટી બસ સ્ટેન્ડ પાસે રહેણાક મકાનમાં આગ લાગી

બગસરા,તા.૨૫



બગસરાના અમરપરા એસટી બસ સ્ટેન્ડ પાસે આવેલા એક રહેણાક મકાનમાં આગ લાગવાની ઘટના સામે આવી હતી. પ્રાથમિક અનુમાન મુજબ, શોર્ટ સર્કિટના કારણે મકાનમાં આગ લાગી હોવાનું જાણવા મળ્યું છે. આગને પગલે મકાનમાં રાખવામાં આવેલા ઘરવખરીના સામાનને નુકસાન થયું હતું. ઘટનાની જાણ થતાં જ બગસરા ફાયર વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને આગ પર કાબૂ મેળવવા કામગીરી હાથ ધરી હતી. ફાયર વિભાગની સમયસરની કામગીરીને કારણે આગને વધુ ફેલાતી અટકાવવામાં સફળતા મળી હતી. આ ઘટનામાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ નહોતી. આગ પર કાબૂ મેળવી લેવામાં આવતાં મોટી દુર્ઘટના ટળી હતી.

અમરેલીમાં લગ્ન પ્રસંગમાં ગૌમાંસ પીરસાયાની શંકામાં સેમ્પલ લઈ એફએસએલમાં મોકલાયા

જમણવાર પ્રસંગમાં ગૌમાંસ પીરસાયાની શંકાથી ચકચાર

અમરેલી, તા.૨૫

અમરેલીમાં લગ્ન પ્રસંગમાં ગૌમાંસ પીરસાયાની શંકામાં સેમ્પલ લઈ એફએસએલમાં મોકલાયા હતા. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, લગ્ન પ્રસંગમાં જમણવારમાં ગાયનું માસ પીરસવામાં આવતું હોવાની હકીકત જણાય આવી હતી. જેથી વેટરનીટી ડોક્ટરની હાજરીમાં મોટા પ્લાસ્ટિકના ડબ્બામાં તથા એક નાની શીશીમાં સેમ્પલ લઈ એફ. એસ.એલ માટે તેની ખરાઈ કરવા મોકલવામાં આવ્યા હતા.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)


વ્હીલ એલાઇમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

CHANGE OF NAME
I Undersign I RAJPARA ROHINIBEN DIPAKBHAI have changed myname from RAJPARA ROHINIBEN DIPAK To RAJPARA ROHINIBEN DIPAKBHAI (New) Now i will be known as RAJPARA ROHINIBEN DIPAKBHAI (new)
Sign : RAJPARA ROHINIBEN DIPAKBHAI
Address: SARTHI RESIDENCY-1, BLOCK-28,LILIYA ROAD, AT-AMRELI-365601

CHANGE OF NAME
I Undersign I RAJPARA DIPAKBHAI VALLABHBHAI have changed my name from RAJPARA DIPAK VALLABHBHAI To RAJPARA DIPAKBHAI VALLABHBHAI (New) Now i will be known as RAJPARA DIPAKBHAI VALLABHBHAI (new)
Sign : RAJPARA DIPAKBHAI VALLABHBHAI
Address: SARTHI RESIDENCY,BLOCK-28, LILIYA ROAD,AT-AMRELI-365601

॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી ૧ ॥ ॥ શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ॥
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...

યમુના જવેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
● શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
● નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
● પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - 3, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૯૧૪૧૨ ૦૭૭૩૯

બાબરામાં નગરપાલિકાની કરોડોની જમીનો પર દબાણોનો રાફડો ફાટયો

બાબરા,તા.૨૫

બાબરા શહેરમાં નગરપાલિકાની કરોડોની કિંમતી જમીનો પર ગેરકાયદેસર દબાણો થયાના આક્ષેપો ઉઠ્યા છે. શહેરના નાના બસ સ્ટેન્ડથી નવી નગરપાલિકા કચેરી, તાલુકા પંચાયત અને કૃષ્ણનગર સોસાયટી સુધીના વિસ્તારોમાં રોડ ટચ જાહેર જમીનો પર રાજકીય વગના જોરે કેબિનો, લારીઓ અને ધાબાઓ ખડકાયા હોવાની રજૂઆત કરવામાં આવી છે. આ દબાણોને કારણે જાહેર રસ્તાઓ અને વાહનવ્યવહારને મુશ્કેલી પડતી હોવાના પણ આક્ષેપો છે. આ મામલે સામાજિક કાર્યકરે જિલ્લા કલેક્ટર, નગરપાલિકા સહિત ગાંધીનગર સુધી લેખિત રજૂઆતો કરી છે. રજૂઆતમાં નગરપાલિકાની માલિકીની જમીનોની સત્તાવાર માપણી અને રેકોર્ડ મુજબ સર્વે કરાવી ગેરકાયદેસર દબાણો દૂર કરવાની માંગ કરાઈ છે. રાજકીય ભેદભાવ વગર કાર્યવાહી કરવાની પણ માંગ ઉઠી છે. હવે તંત્ર આ રજૂઆતને કેટલી ગંભીરતાથી લે છે અને દબાણો સામે ક્યારે કાર્યવાહી કરે છે તે જોવું રહ્યું. જાહેર મિલકતોને દબાણમુક્ત કરાવવા નાગરિકોમાં માંગ ઉઠી છે.

રાજકીય વગના જોરે કેબિનો, લારીઓ અને ધાબાઓ ખડકાયાનો આક્ષેપ, દબાણો દૂર કરવા કલેક્ટર સહિત ઉચ્ચ કક્ષાએ રજૂઆત

લાઠીની ગાંગડીયો નદીમાં સૌની યોજનાનું પાણી છોડવાની ૬ ગામના ખેડૂતોની માંગ

લાઠી,તા.૨૫



લાઠી તાલુકાના કેરીયા સહિત છ ગામના ખેડૂતોએ રવિ પાકને બચાવવા ગાંગડીયો નદીમાં સૌની યોજના હેઠળ પાણી છોડવાની માંગ કરી છે. ઓછા વરસાદને કારણે નદીમાં પાણીનો સંગ્રહ થયો નથી, જેના કારણે ખેડૂતોને સિંચાઈની મુશ્કેલી પડી રહી છે. કેરીયાના ખેડૂત મનીષભાઈ હરિભાઈ રાછડીયાના જણાવ્યા મુજબ, સુજલામ સુફલામ યોજના હેઠળ નદીને ઊંડી અને પહોળી કરી વિવિધ સ્થળે બંધારા બનાવાયા છે. જોકે, ઓછા વરસાદથી બંધારામાં પાણી આવ્યું નથી. સૌની યોજનામાં નદીનો સમાવેશ હોવા છતાં લુણકી તરફથી છોડાતું પાણી કેરીયા સુધી પહોંચતું નથી. કેરીયા ઉપરાંત પીપરીયા, દેવળીયા, હડતાળા, ગોવિંદપરા અને વાંડલીયાના ખેડૂતોને લાભ મળે તે માટે ૨૩ નવેમ્બરે પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી તાત્કાલિક પાણી છોડવાની માંગ કરી હતી.

અપહરણ અને પોક્સો કેસમાં ફરાર આરોપીને લાઠી પોલીસે ઝડપી પાડયો

અમરેલી,તા.૨૫



લાઠી પોલીસની સર્વેલન્સ ટીમે અપહરણ અને પોક્સો કેસમાં ફરાર આરોપી ગોપાલ વલ્લભભાઈ સોલંકી (ઉ.વ. ૩૨)ને ભોગ બનનાર સાથે શોધી કાઢ્યો છે.

આ મામલે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ ઈન્સ્પેક્ટર એમ. એમ. ઝાલાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ ટીમે તપાસ હાથ ધરી હતી. આરોપી ગોપાલ સોલંકી વ્યવસાયે શાકભાજી વેચે છે અને હાલ રાજકોટના ભક્તિનગર વિસ્તારમાં રહે છે. તેનું મૂળ વતન કુંકાવાવ-વડિયા તાલુકાનું બરવાળા બાવીસી ગામ છે.

ધારી તાલુકાના ધારગણી ગામે ભાજપનો 'હાલો ભેરુ ગામડે' કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૨૫



ધારી તાલુકાના ધારગણી ગામે ભાજપના કાર્યકરો દ્વારા 'હાલો ભેરુ ગામડે' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન કાર્યકરોએ ગામની મુલાકાત લઈ ગ્રામજનો સાથે બેઠક કરી તેમની સમસ્યાઓ, જરૂરિયાતો અને સ્થાનિક પ્રશ્નો અંગે ચર્ચા કરી હતી. ખાસ કરીને રસ્તા, પાણી, વીજળી સહિતની પ્રાથમિક સુવિધાઓ અંગે ગ્રામજનો પાસેથી વિગતો મેળવી હતી. આ ઉપરાંત કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા અમલી વિવિધ યોજનાઓની માહિતી લોકો સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ભાજપના જણાવ્યા મુજબ, ગ્રામ્ય વિસ્તારોમાં સંગઠનને મજબૂત બનાવવા અને સરકારી યોજનાઓનો લાભ છેવાડાના લોકો સુધી પહોંચાડવાના હેતુથી આવા કાર્યક્રમો યોજવામાં આવે છે. ગ્રામજનો સાથે સીધો સંપર્ક સ્થાપિત કરી તેમના પ્રશ્નો સમજવા યોજાયેલા આ કાર્યક્રમમાં ભાજપના કાર્યકરો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

ભુવા ગામ પાસે અકસ્માતમાં સાવરકુંડલાના યુવકનું મોત

સાવરકુંડલા, તા. ૨૫

સાવરકુંડલામાં રહેતા ધર્મેશભાઈ મુકેશભાઈ ટાંક (ઉં.વ.૩૫)એ જાહેર કર્યા મુજબ, આકેશભાઈ અનિલભાઈ ટાંક (ઉં.વ.૩૯) પોતાના હવાલાવાળું મોટરસાયકલ લઈને જૂનાસાવર ગામ તરફ જતા હતા. તે દરમિયાન ભુવા ગામથી આગળ આશરે અડધો કિલોમીટર દૂર જૂનાસાવર તરફ જતા રોડ પર તેમણે પોતાનું મોટરસાયકલ પૂરઝડપે અને બેફિકરાઈથી, માણસની જિંદગી જોખમાય તે રીતે ચલાવી ઢોર સાથે અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતમાં શરીરે નાની-મોટી ગંભીર ઈજાઓ થવાથી તેમનું મોત નીપજ્યું હતું. આ અંગે સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના પી.આઈ. પી.એલ. ચૌધરી વધુ તપાસ ચલાવી રહ્યા છે.

લાઠીમાંથી યુવતી ઘરેથી કહ્યા વગર ચાલી નીકળી

લાઠી,તા.૨૫

લાઠીમાંથી એક યુવતી ઘરેથી ચાલી નીકળી હતી. વિપુલભાઈ રવજીભાઈ સાથળીયા (ઉં.વ.૪૫)એ જાહેર કર્યા મુજબ, તેમની દીકરી દીપાબેન વિપુલભાઈ સાથળીયા (ઉં.વ.૧૯) ઘરેથી કોઈને કહ્યા વગર ક્યાંક જતી રહી હતી. તપાસ કરવા છતાં કોઈ ભાળ ન મળતાં પોલીસને જાણ કરવામાં આવી હતી. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે. કે. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

અવસાન નોંધ

સાવરકુંડલા

સ્વ.ઋષિકુમાર મુકુન્દરાય મહેતા (ઉ.વ.૬૦) નું તા. ૨૪/૧૧/૨૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે માધવ મહેતાના પિતા, અલકાબેનના પતિ, પ્રશાંતભાઈ મહેતા, તથા બંસીબેન હિતેન્દ્રસિંહ ચૌહાણના કાકા, કમળેશભાઈ રમણીકભાઈ દવે ના બનેવી, રસીકભાઈ છોટાલાલ મહેતાના મોટાભાઈ, કાળુભાઈ નાનાલાલ ભટ્ટના વેવાઈ થાય છે. તેમનુ સદ્ગત બેસણુ તા.૨૬/૧૧/૨૬ને ગુરુવારે સાંજે ૩થી ૬ રાજગોર બોર્ડીંગ, દેવળા ગેઈટ પાસે, સાવરકુંડલા મુકામે રાખેલ છે.

સાવરકુંડલા

શાંતાબેન નારણભાઇ મોરી (ઉં.વ.૯૦) તે નરેશભાઈ એન. મોરી (pgvcl), વિપુલભાઈ મોરીના માતાનું તા.૨૪/૧૧/૨૬ના રોજ શ્રીજી ચરણ પામેલ છે. સદ્ગતનું બેસણું તા.૨૬/૧૧/૨૬ને ગુરુવારના રોજ અમારા નિવાસ સ્થાને સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે મહાકાળી ચોક હાથસણી રોડ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

સાવરકુંડલા

નારણભાઇ અરશીભાઈ વાળા (ઉં.વ.૭૮) તે વિજયભાઈ નારણભાઈ વાળાના પિતાનું તા.૨૪/૧૧/૨૬ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.સદગતનું બેસણું તા.૨૬/૧૧/૨૬ને ગુરુવારના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે અમારા નિવાસ સ્થાને જય શ્રી ટોકિસ પાછળ રઘુવંશીપરા નેસડી રોડ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

મેકડા

ભગવાનભાઈ મોહનભાઈ મકવાણા (ઉં.વ.૮૦)તે ગ.સ્વ. ભાવનાબેન પ્રવીણકુમાર ચુડાસમા, લીલીબેન નરેશકુમાર ડોડીયાના ભાઈ, સ્વ.વનવાળીભાઈ મોહનભાઈ મકવાણા, વિઠ્ઠલભાઈ મોહનભાઈ મકવાણા, સ્વ.જાદવભાઈ મોહનભાઈ મકવાણા, શંભુભાઈ મોહનભાઈ મકવાણા, કાંતિભાઈ મોહનભાઈ મકવાણા, રમેશભાઈ મોહનભાઈ મકવાણાના ભાઈ તથા અશ્વિનભાઈ ભગવાનભાઈ મકવાણા, દિનેશભાઈ ભગવાનભાઈ મકવાણા, જગદીશભાઈ ભગવાનભાઈ મકવાણા, ભુપતભાઈ ભગવાનભાઈ મકવાણા ના પિતા તારીખ ૨૪/૧૧/૨૦૨૬ના રામચરણ પામેલ છે.

દિવાળી વેકેશન ખૂલતા - KG થી PG પ્રવેશ ચાલુ

★ KG થી ધો. ૧૨ આર્ટસ કોમર્સ સાયંસ – ગુજરાતી મિડીયમ
★ KG થી ધો. ૧૨ કોમર્સ સાયંસ ઈંગ્લીશ મિડીયમ ICSE - GSEB – બોર્ડ
★ BA - MA સાયકો – સોસીયો – Eng. • B.Com. - M.Com. બન્ને મિડીયમ • B.Sc. - M.Sc. માઈક્રોબાયોલોજી – બાયોટેકનોલોજી • BBA - MBA
★ BCA - MCA • B.Pharm. - M.Pharm. • B.Ed. - DMLT
★ PTC બન્ને મિડીયમ • જ્ઞાનશક્તિ ગર્લ્સ સ્કૂલ • ધો. ૬ થી PG ગર્લ્સ હોસ્ટેલ

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ એજ્યુકેશનલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ અમરેલી
સ્થળ:- શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી - Ad159









-:: જાહેર નોટીસ ::-

(જન્મ નોંધના સમર્થનમાં)

ફો.પ.અ.નં. ૧૮૪/૨૦૨૬

મે લાઠીના જયુ.મેજી (ફ.ક) સાહેબની કોર્ટમાં મું લાઠી

અરજદાર :- કોટડીયા મુકતાબેન ભગવાનભાઈ, રહે.હાલ સાસરે સલડી

- //વિરૂધ્ધ//-

સામાવાળા :- અધીકારી ચીફ ઓફિસર લાઠી નગરપાલિકા કચેરી

અરજદાર તર્ફે વિ.વ.શ્રી જી.સી કોટડીયા રહે.લાઠી

આથી લાગતા વળગતા સર્વેને જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર પોતે લાઠી હાલ સાસરે સલડી ગામના રહેવાસી છે. અમો અરજદાર કોટડીયા મુકતાબેન ભગવાનભાઈની જન્મનોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. અરજદાર પોતાની કોટડીયા મુકતાબેન ભગવાનભાઈનો જન્મ જે તે સમયે લાઠી મુકામે જન્મ તારીખ:૦૧/૦૬/૧૯૬૦ ના રોજ થયેલ છે. જે અંગેની જન્મ નોંધણી કરાવવા માટે આ અરજી કરેલ છે. આ અરજી સામે કોઈને વાધો/ તકરાર કે હરકત હોય તેમણે મુદત તારીખ:૨૧/૧૨/૨૦૨૬ ના રોજ અત્રેની કોર્ટ લાઠી તાલુકા ના જયુ. મે(ફ.ક) સાહેબની કોર્ટ ખાતે સવારના ૧૦:૩૦ કલાકે ઉપસ્થિત રહેવુ તેમ કરવામાં કસુર થયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

સ્થળ :- લાઠી
તારીખ:૨૦/૧૧/૨૦૨૬

કોર્ટનો સિક્કો

રજીસ્ટ્રર ઓફ લાઠી જયુ મેજી ફક કોર્ટ મુ.લાઠી

ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર

Dream Family spa
Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા



ભાઈઓ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ
બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
ADDRESS : સાવરકુંડલા ચોકડી, રીંગ રોડ, RTO Office ની બાજુમાં, અમરેલી - 365601.

વડિયામાં મોંઘવારી અને નકલી વસ્તુઓના વેચાણ સામે આમ આદમી પાર્ટીનું આવેદન

વડિયા,તા.૨૫



આમ આદમી પાર્ટી, કુંકાવાવ-વડિયા તાલુકા દ્વારા મોંઘવારી અને બજારમાં વેચાતી નકલી તથા ડુપ્લિકેટ વસ્તુઓના મુદ્દે વડિયા મામલતદાર કચેરી ખાતે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. ગેસ સિલિન્ડર, પેટ્રોલ, દૂધ સહિતની જીવનજરૂરી ચીજવસ્તુઓના વધતા ભાવથી સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવારોને પડતી મુશ્કેલી અંગે રજૂઆત કરી હતી. તેમજ બજારમાં વેચાતી નકલી વસ્તુઓ સામે તપાસ કરી જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

આ પ્રસંગે આપના અમરેલી જિલ્લા લોકસભા સીટના સંગઠન મંત્રી સુખાભાઈ વાળા, જિલ્લા પંચાયત સીટના પ્રમુખ દિલીપભાઈ શિંગાળા, તાલુકા પંચાયત સીટના પ્રમુખ ગોપાલભાઈ શિંગાળા સહિત આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

સ્ક્રેપ કરેલો ભંગાર ટેન્ડર દ્વારા આપવાનું કહી રૂ. ૬.૧૦ લાખની છેતરપિંડી આચરી

જાફરાબાદના યુવક સહિત ત્રણ લોકો સામે ફરિયાદ

રાજુલા,તા.૨૫

જાફરાબાદમા સ્ક્રેપ કરેલો ભંગાર ટેન્ડર દ્વારા આપવાનું કહી રૂ. ૬.૧૦ લાખની છેતરપિંડી આચરવામાં આવી હતી. આ અંગે ત્રણ લોકો સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે. જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના અરલા ગામમાં રહેતા કરીમભાઈ ઈસ્માઈલભાઈ બાઘડા (ઉં.વ.૫૦)એ જાફરાબાદમાં રહેતા ઈરફાન ઉર્ફે ભૂરો રહેમાનભાઈ મન્સૂરી, જૂનાગઢના હડમતિયામાં રહેતા અજયભાઈ હમીરભાઈ ચૌહાણ તથા ઉનામાં રહેતા રવિભાઈ ભૂપતભાઈ જેઠવા સામે ફરિયાદ નોંધાવી હતી.પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, ફરિયાદી ભંગાર લે-વેચનો ધંધો કરે છે. તેમની સાથે છેતરપિંડી કરવાના ઈરાદાથી આરોપી અજયભાઈ ચૌહાણે તેમની મુલાકાત આરોપી રવિભાઈ જેઠવા તથા ઈરફાનભાઈ ઉર્ફે ભૂરો મન્સૂરી સાથે કરાવી હતી. આરોપી ઈરફાનભાઈ મન્સૂરી પોતે પીપાવાવ કંપનીમાં નોકરી કરતા ન હોવા છતાં, પીપાવાવ કંપનીના 'શર્મા સાહેબ' હોવાની ખોટી ઓળખ આપી હતી. તેમણે ખોટું નામ ધારણ કરી ફરિયાદી સાથે છેતરપિંડી કરવાના ઈરાદે પીપાવાવ કંપનીનો સ્ક્રેપ કરેલો ભંગાર ટેન્ડર દ્વારા અપાવવાની લાલચ આપી હતી અને ટેન્ડરના એડવાન્સ પેટે રૂ. ૬,૧૦,૦૦૦ રોકડા મેળવી લીધા હતા. ત્યારબાદ ભંગાર નહીં આપી તેમજ આરોપી ઈરફાન મન્સૂરીએ કોઈ અન્ય વ્યક્તિના નામનો ખોટી સહીવાળો બનાવટી ચેક જામીનગીરી તરીકે આપી તેમની સાથે રૂ. ૬,૧૦,૦૦૦ની છેતરપિંડી કરી હતી.

અમરેલી શહેરમાંથી દેવભૂમિ દ્વારકા જિલ્લાના દેવળિયાના યુવકની બાઈક ચોરાઈ

અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. વી. મકવાણાએ વધુ તપાસ હાથ ધરી

અમરેલી, તા. ૨૫

અમરેલીમાંથી દેવભૂમિ દ્વારકા જિલ્લાના દેવળિયાના યુવકની બાઈક ચોરાઈ હતી. આ અંગે જિજ્ઞેશભાઈ અમરશીભાઈ માધડે (ઉં.વ. ૩૦) અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આસ્થા હોસ્પિટલની બાજુમાંથી તેમના સ્પ્લેન્ડર પ્લસ બાઈકની ચોરી થઈ હતી, જેની પોલીસ ચોપડે કિંમત રૂ. ૭૦,૦૦૦ જાહેર થઈ છે. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. વી. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

લીલીયાના સલડી ગામે પૈસાની લેતીદેતીમાં ગાળોભાંડી જાનથી મારવાની ધમકી આપી

ટીકાપાટુનો મૂંઢ માર પણ માર્યો

લીલિયા,તા.૨૫

લીલિયાના સલડી ગામે પૈસાની લેતીદેતીમાં ગાળો ભાંડી જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. મનોજભાઈ રૂપાભાઈ ચારોલિયા (ઉં.વ. ૩૫)એ જરખિયા ગામના સાગરભાઈ જગાભાઈ ચારોલિયા, નરેશભાઈ જગાભાઈ ચારોલિયા, ભારતીબેન ચારોલિયા તથા નરેશભાઈ ચારોલિયાનાં પત્ની સામે ફરિયાદ નોંધાવી હતી. તેમના કાકા જગાભાઈ માવજીભાઈ ચારોલિયા પાસેથી તેમને વ્યવહારિક પૈસા લેવાના બાકી હતા, જે બાબતે આજથી દસેક દિવસ પહેલાં ટોડા ગામ પાસે સાગરભાઈ અને નરેશભાઈ સાથે તેમને બોલાચાલી થઈ હતી. જેનું મનદુઃખ રાખી આરોપીઓએ તેમને ગાળો ભાંડી હતી. સાગરભાઈએ હાથમાં રહેલા ધારિયા જેવા હથિયાર વડે માથાના ભાગે ઈજા પહોંચાડી હતી, જ્યારે અન્ય આરોપીઓએ તેમને ઢીકાપાટુનો મૂંઢ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. લીલિયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ મહેશભાઈ મધુભાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

અમરેલીના કેરિયાનાગસ ગામે લગ્ન પ્રસંગમાં ઢોલ વગાડવા મુદ્દે માથાકૂટ

અમરેલી,તા.૨૫

અમરેલીના કેરિયાનાગસ ગામે લગ્ન પ્રસંગમાં ઢોલ વગાડવા મુદ્દે માથાકૂટ થઈ હતી. આ અંગે અમરેલીના રાજેશભાઈ વશરામભાઈ ચૌહાણ (ઉં.વ.૫૯) એ રાજુભાઈ ભાનુભાઈ વાઘેલા, કૌશિકભાઈ ડાયાભાઈ વાઘેલા, રાજુભાઈ બચુભાઈ વેગડ તથા ભાનુભાઈ પુંજાભાઈ વાઘેલા સામે ફરિયાદ નોંધાવી હતી. હાલ લગ્ન પ્રસંગની સિઝન ચાલુ છે. ફરિયાદીને પણ ગામમાં ઢોલ વગાડવાનો હક હોવાથી, તે વાતનું મનદુઃખ રાખીને આરોપીઓએ તેઓ જ્યારે કેરિયા નાગસ ગામે ગયા ત્યારે ગાળો આપી, શરીરે આડેધડ ઢીકાપાટુનો માર મારી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. જે. ગોંડલિયા વધુ તપાસ કરી રહ્યા છે.

અમરેલી સીટી પોલીસે ૬ ગુમ થયેલા મોબાઈલ શોધી માલિકોને પરત આપ્યા

અમરેલી, તા.૨૩



અમરેલી સીટી પોલીસ દ્વારા 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ અંતર્ગત CEIR પોર્ટલની મદદથી ગુમ થયેલા છ મોબાઈલ ફોન શોધી મૂળ માલિકોને પરત કરવામાં આવ્યા હતા. પોલીસની સર્વેલન્સ ટીમે કુલ રૂ.૧,૧૦,૮૪૮ની કિંમતના મોબાઈલ રિકવર કર્યા હતા. ભાવનગર રેન્જના આઈજી આર.વી. અસારી અને અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતની સૂચના અને માર્ગદર્શન હેઠળ આ કામગીરી કરવામાં આવી હતી. અમરેલી ડિવિઝનના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ્પેક્ટર આર.આર. પરમાર તથા સર્વેલન્સ ટીમે સફળ કામગીરી કરી હતી. આ કામગીરીથી અરજદારોને તેમના મોબાઈલ પરત મળ્યા હતા.

જિલ્લામાં સાયબર ફ્રોડની વધુ એક ઘટના

જાફરાબાદમાં દવાખાનાના કામ માટે પૈસાની જરૂરિયાત હોવાનું કહી રૂ. ૭૦ હજાર ટ્રાન્સફર કરાવી લીધા

જાફરાબાદ, તા. ૨૫

અમરેલી જિલ્લામાં સાયબર ફ્રોડની વધુ એક ઘટના સામે આવી છે. જાફરાબાદમાં દવાખાનાના કામ માટે પૈસાની જરૂરિયાત હોવાનું કહી રૂ. ૭૦ હજાર ટ્રાન્સફર કરાવી લીધા બાદ ફોન બંધ કરી દીધો હતો. કૈલાશભાઈ પરશોત્તમભાઈ બાંભણિયા ઉર્ફે શિકારીવાળા (ઉં.વ.૩૩) એ અજાણ્યા મોબાઈલ નંબરધારક સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, તેઓ તા. ૨૪/૦૭/૨૦૨૬ના રોજ પોતાના ઘરે હતા ત્યારે અજાણ્યા મોબાઈલ નં બ ર ૨ પ૨થી ફોન આવ્યો હતો. સામેવાળી વ્યક્તિએ પોતે 'અમૂલ' બોલતો હોવાની ખોટી ઓળખ આપી, દવાખાનાના કામ માટે પૈસાની જરૂરિયાત છે તેમ કહ્યું હતું અને પોતાના મોબાઈલમાંથી પૈસા ટ્રાન્સફર થતા નથી તેવું બહાનું કાઢ્યું હતું. ત્યારબાદ તેણે કૈલાશભાઈના એકાઉન્ટમાં પૈસા મોકલવાની વાત કરી, તેમના મોબાઈલમાં પૈસા જમા થયા હોવાના નકલી ટેક્સ્ટ મેસેજ મોકલ્યા હતા.

ત્યારપછી બીજો મોબાઈલ નંબર તથા સ્કેનર મોકલી કુલ રૂ. ૭૦,૦૦૦ ટ્રાન્સફર કરાવી લીધા હતા અને ફોન બંધ કરી દીધો હતો. આજદિન સુધી રૂપિયા પરત નહીં આપી છેતરપિંડી આચરી ઓનલાઈન સાયબર ફ્રોડ કર્યો હતો. જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી.આઈ. એમ.બી. ગોહિલ વધુ તપાસ કરી રહ્યા છે.

ટ્રાન્સફર કરાવી લીધા બાદ ફોન બંધ કરી દેતા માછીમારે ફરિયાદ નોંધાવી

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૩, તિથિ: બીજ
તા.૨૬-૧૧-૨૦૨૬, ગુરુવાર, સૂર્યોદય-૦૬:૫૨,
સૂર્યાસ્ત-૦૫:૨૪, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: મૃગશીર્ષા

દૈનિક રાશિફળ

તા.૨૬-૧૧-૨૦૨૬ ગુરુવાર

મેષ: આજે તમે બાળકો તરફથી રહેલી ચિંતાઓનો ઉકેલ શોધી શકશો. આજે કોઈ કામને કારણે બપોરથી સાંજ સુધી મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે.

વૃષભ: આજે તમારા કોઈ પ્રિયજન અથવા સંબંધીને કોઈ શારીરિક સમસ્યા થઈ શકે છે, જેના માટે તમારે મદદ પણ કરવી પડશે.

મિથુન: આજે તમને અચાનક મોટી રકમ મળી શકે છે, જેના કારણે તમારું મનોબળ સાતમા આસમાને પહોંચી જશે. આજે તમારા પ્રિયજનો સાથે કોઈ અવરોધ આવી શકે છે.

કર્ક: આજે તમે વ્યવસાયમાં કેટલાક નવા પ્રયાસો કરશો, જેમાં તમે સફળ થશો. આજે તમારી પ્રતિષ્ઠા વધશે. આજે ઘરના લોકો અને સારા ગુણો ધરાવતા લોકો સાથે તમારો સંપર્ક વધશે.

સિંહ: આજે તમે તમારી રોજિંદી જરૂરિયાતો પૂરી કરવા માટે પણ કેટલાક પૈસા ખર્ચ કરશો. આજે તમે તમારા વ્યવસાયમાં ચાલી રહેલી સમસ્યાઓ તમારા ભાઈ સાથે શેર કરશો, જેનો તમને પણ ફાયદો થશે.

કન્યા: આજે તમે તમારા પરિવારના કોઈ સભ્ય વિશે ચિંતિત હોઈ શકો છો અને તમારા બાળકના ભવિષ્ય વિશે પણ ચિંતિત હોઈ શકો છો,

તુલા: આજે તમે જે પણ કામ કરશો, તેમાં તમને સંપૂર્ણ સફળતા મળશે. નોકરીમાં પણ આજે તમને તમારા મન મુજબ કામ આપવામાં આવશે, જેનાથી તમે ખુશ થશો.

વૃશ્ચિક: આજે દુશ્મન પક્ષ નોકરી અને વ્યવસાયમાં તમારા પર પ્રભુત્વ મેળવવાનો પ્રયાસ કરશે, પરંતુ તમારે સાવચેત રહેવું પડશે.

ધનુ: આજે તમને શારીરિક અને નાણાકીય શક્તિ મળશે, જેના કારણે તમે તમારા બધા બાકી રહેલા કાર્યો પૂર્ણ કરશો અને પરિવારના સભ્યોની જરૂરિયાતો પૂર્ણ કરશો, જેના કારણે તમારા ખર્ચ વધુ થશે.

મકર: ભાઈઓ અને વ્યવસાયિક સહયોગીઓ વચ્ચે મતભેદોને કારણે આજે તમારો આખો દિવસ સુખદ રહેશે. જો તમે આજે દુકાન કે ઘર ખરીદવાનું વિચારી રહ્યા છો,

કુંભ: આજે તમારા વ્યવસાયમાં સતત નફો થવાની સંભાવના છે. આજે તમે વ્યવસાયના સંદર્ભમાં કેટલીક યાત્રાઓ પણ કરશો, જેનાથી તમને ફાયદો થશે.

મીન: આજે તમારે માનસિક તણાવથી બચવા માટે ધીરજ અને નમ્રતાથી કામ કરવું પડશે. આજે નોકરી કરતા લોકોનો કાર્યભાર અને અધિકાર વધશે,

પાણીયાથી બગસરા જતા રોડ પર ફોર વ્હીલ ચાલકે ટુ વ્હીલરને ટક્કર મારતાં ચાલકનું મોત

અમદાવાદ પાસિંગની કારના ચાલક સામે ફરિયાદ

અમરેલી, તા. ૨૫

પાણીયાથી બગસરા તરફ જતા રોડ ઉપર ખારી નદીના પુલથી આગળ વળાંકમાં ફોર વ્હીલ ચાલકે ટુ વ્હીલરને ટક્કર મારતાં ચાલકનું મોત થયું હતું. બનાવ અંગે પાણીયા ગામના મનસુખભાઈ કાનજીભાઈ દેસાઈ (ઉં.વ. ૬૪)એ GJ 01 RY 5704 નંબરની કારના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદ મુજબ, તેમના ભાઈ મરણ જનાર બાલુભાઈ કાનજીભાઈ દેસાઈ (ઉં.વ.૭૪) તેમની મોટરસાયકલ લઈને પાણીયાથી બગસરા જતા હતા. આ દરમિયાન ખારી નદીના પુલથી આગળ વળાંકમાં ફોર વ્હીલ ચાલકે પોતાનું વાહન પૂરઝડપે, બેફિકરાઈથી અને ગફલતભરી રીતે, માણસોની જિંદગી જોખમાય તે રીતે ચલાવી આવી તેમના ભાઈની મોટરસાયકલ સાથે ભટકાડી અકસ્માત સર્જ્યો હતો. જેમાં તેમના ભાઈને માથાના ભાગે ગંભીર ઈજા (હેમરેજ) તેમજ બેઠકના ભાગે મૂઢ ઈજા પહોંચાડી, મોત નીપજાવી ચાલક નાસી ગયો હતો. અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. જે. કે. પાંડવ વધુ તપાસ કરી રહ્યા છે.

ચિતલ ગામે બે સ્થળેથી દેશી દારૂ બનાવવાનો ૩૩૦ લિટર આથો પકડાયો

અમરેલી,તા.૨૫

ચિતલ ગામે બે સ્થળેથી દેશી દારૂ બનાવવાનો ૩૩૦ લિટર આથો પકડાયો હતો. પોલીસે બંને સ્થળેથી ૮,૫૫૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

સાવરકુંડલામાંથી ૪ બોટલ ઈંગ્લિશ દારૂ ઝડપાયો હતો. ખોડિયાર ચોક, રામનાથ મહાદેવના મંદિર પાસે રોડ ઉપરથી ભારતીય બનાવટના વિદેશી દારૂની પ્લાસ્ટિકની ૪ બોટલ સાથે એક યુવક પકડાયો હતો. સાવરકુંડલાના ગાવડકા ગામે આવેલા તળાવના કાંઠે પાળા પાસેની બાવળની કાંટમાં ચાલતી દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ હતી. પોલીસે અહીંથી દેશી દારૂ, વોશ, ભઠ્ઠીનાં સાધનો અને બાઇક મળી કુલ ૪૯,૨૩૦ રૂપિયાનો પ્રોહિબિશન મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

વડિયામાંથી બે તેમજ બગસરા, કરિયાણા, દામનગર, લાઠી અને નાગેશ્રીમાંથી એક-એક મળી કુલ સાત ઈસમો કેફી પીણું પીને ફરતા મળી આવ્યા હતા.

જાફરાબાદમાં હાથ પકડી છેડતી કરવાના ઈરાદે ચુંદડીનો છેડો ખેંચ્યો

જાફરાબાદ,તા.૨૫

જાફરાબાદમાં હાથ પકડી છેડતી કરવાના ઈરાદે ચુંદડીનો છેડો ખેંચ્યો હતો. બનાવ અંગે શાંતુબેન પ્રકાશભાઈ બાંભણીયા (ઉં.વ.૪૨) એ સાહિલભાઈ મન્સુરી, અમનભાઈ મોગલ તથા આદિલ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ લાઈટ હાઉસ રોડ, ગેબનશાહ પીરની દરગાહ જવાના રસ્તેથી પોતાના બંને દીકરા અને મોટા દીકરાની વહુ સાથે શિકોતર માતાના મંદિરેથી દર્શન કરી મોટરસાયકલ પર બધા ઘરે પરત આવતા હતા. આ સમયે આરોપીઓ તેમની મોટરસાયકલની આગળ-પાછળ પોતાની મોટરસાયકલ ચલાવતા હતા. તેમણે આવું કરવાની ના પાડતાં આરોપીઓને સારું નહોતું લાગ્યું. તેમને તથા સાહેદને જેમ ફાવે તેમ ગાળો આપી હતી. તેમજ સાહેદ રાહુલભાઈ પ્રકાશભાઈને ધોકાનો એક ઘા માર્યો હતો. ઉપરાંત, તેમનો હાથ પકડી છેડતી કરવાના ઈરાદે ચુંદડીનો છેડો ખેંચી લીધો હતો. તેમને તથા સાહેદોને જેમ ફાવે તેમ ઢીકાપાટુનો મૂઢ માર મારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર.બી. સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

બાબરાના સુકવળા ગામે આંચકીથી મોત

બાબરા, તા. ૨૫

બાબરાના સુકવળા ગામે આંચકીથી એક કિશોરીનું મોત થયું હતું. ભગવતભાઈ જયંતીભાઈ મકવાણા (ઉ.વ.૩૫)એ જાહેર કર્યા મુજબ, તેઓ પોતાના ઘરે રૂમમાં સૂતા હતા તે દરમિયાન ગીતાબેન જયંતીભાઈ મકવાણા (ઉ.વ.૧૭)ને આંચકીઓ આવવા લાગી હતી અને કોઈ અગમ્ય કારણોસર મરણ પામ્યા હતા. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.સી. સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૨૩૬/૨૦૨૬

અરજદારશ્રી :- શ્રી લુંભાભાઈ નગાજણભાઈ લાખણોત્રા
સરનામું :- મુ.ઉટીયા, તા.રાજુલા જી.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :-જન્મ – મરણ નોંધણી અધિકારી
– વ –
તલાટી કમ મંત્રીશ્રી – ઉટીયા
તા. રાજુલા જી. અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ઉટીયા મુકામે ના શ્રી લુંભાભાઈ નગાજણભાઈ લાખણોત્રા એ તેમના પુત્ર શ્રી રામભાઈ લુંભાભાઈ લાખણોત્રાનો જન્મ તા.૧૧/૧૧/૨૦૦૪ ના રોજ રાજુલા તાલુકાના ઉટીયા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી ડી.એન.પરમાર મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૩૧ માહે ૦૭ સને:૨૦૨૬ ના રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૩૧/૦૭/૨૦૨૬

કોર્ટનો સિક્કો

સહી.
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

તંત્રી લેખ

સોનિયા ગાંધીના પુસ્તકમાં સાવરકરનું અપમાન

ભારતીય રાજકારણમાં ઐતિહાસિક વ્યક્તિત્વો અને તેમની વિરાસતને લઈને અવારનવાર વિવાદો સર્જાતા રહે છે. તાજેતરમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા સોનિયા ગાંધીના પુસ્તક 'બિલોન્ગિંગ : અ જર્ની ઓફ લવ'ને લઈને મુંબઈમાં વિવાદ ઊભો થયો છે. એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનાના નેતાઓએ પુસ્તકમાં વીર સાવરકર અંગે કરાયેલા ઉલ્લેખો સામે ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. શિવસેનાનાં પ્રવક્તા શાયના એનસી, સંજય નિરૂપમ સહિતના નેતાઓ અને કાર્યકરોએ જાહેરમાં વિરોધ પ્રદર્શન કરી પુસ્તકનાં પાનાં ફાડ્યાં હતાં. સાથે જ પ્રકાશક હાર્પર કોલિન્સને પુસ્તકનાં પેજ નંબર ૨૦૧ અને ૪૪૩ પરના વિવાદાસ્પદ લખાણો દૂર કરવાની માંગ કરી છે. પ્રકાશકના જણાવ્યા અનુસાર, આ પુસ્તકમાં સોનિયા ગાંધીના અંગત અને રાજકીય જીવનના અનુભવો, ઈટાલીમાં વિતાવેલું બાળપણ, ભારત આગમન, રાજીવ ગાંધી સાથેના લગ્ન અને ગાંધી પરિવારના સંઘર્ષોનું વર્ણન કરવામાં આવ્યું છે. બીજી તરફ શિવસેનાના નેતાઓનો આક્ષેપ છે કે પુસ્તકમાં ઐતિહાસિક તથ્યોને યોગ્ય રીતે રજૂ કરવામાં આવ્યાં નથી અને વીર સાવરકરની છબી ખરાબ કરવાનો પ્રયાસ થયો છે. તેમના મતે સાવરકરનું હિન્દુત્વની વિચારધારામાં મહત્ત્વનું સ્થાન રહ્યું છે. શિવસેનાના નેતાઓએ સ્વર્ગીય બાળાસાહેબ ઠાકરેના વિચારોનો ઉલ્લેખ કરીને જણાવ્યું હતું કે તેઓ સાવરકરને હિન્દુત્વનો આત્મા માનતા હતા. આંદામાનની સેલ્યુલર જેલમાં સાવરકરે વિતાવેલા કઠિન વર્ષો અને દેશ માટેના તેમના યોગદાનને યાદ કરી સોનિયા ગાંધીની ઐતિહાસિક સમજ સામે પણ સવાલો ઉઠાવ્યા હતા. આ વિવાદ માત્ર એક પુસ્તક પૂરતો મર્યાદિત નથી. મહારાષ્ટ્રના રાજકારણમાં વીર સાવરકરનું નામ હંમેશાં મહત્ત્વનું રહ્યું છે. એક વર્ગ તેમને ક્રાંતિકારી, રાષ્ટ્રવાદી અને સમાજસુધારક તરીકે સન્માન આપે છે, જ્યારે અન્ય રાજકીય વિચારધારાઓ તેમની ભૂમિકા અને વિચારોની ટીકા કરતી રહી છે. અગાઉ રાહુલ ગાંધીનાં નિવેદનોને લઈને પણ મહારાષ્ટ્રમાં વિરોધ જોવા મળ્યો હતો. આ ઘટનાએ અભિવ્યક્તિની સ્વતંત્રતા અને ઐતિહાસિક વ્યક્તિત્વો પ્રત્યેની લાગણીઓ વચ્ચેનો પ્રશ્ન ફરી ચર્ચામાં લાવ્યો છે. લોકશાહીમાં દરેક લેખકને પોતાના વિચારો રજૂ કરવાનો અધિકાર છે અને વાચકોને તેની સાથે સહમત કે અસહમત થવાની સ્વતંત્રતા પણ છે. પરંતુ કોઈ પુસ્તકમાં ઐતિહાસિક ભૂલ કે અયોગ્ય રજૂઆત થઈ હોય તો તેનો જવાબ તથ્યો અને પુરાવા સાથે આપવો વધુ યોગ્ય ગણાય. પુસ્તકનાં પાનાં ફાડીને વિરોધ કરવો કે લખાણ દૂર કરવાની માંગ કરવી એના બદલે તર્કબધ્ધ ચર્ચા અને ઐતિહાસિક પ્રમાણોના આધારે જવાબ આપવાની જરૂર છે. રાજકીય મતભેદો વચ્ચે મહાપુરુષોનું સન્માન, લેખન સ્વાતંત્ર્ય અને વૈચારિક સહિષ્ણુતા જળવાય તે લોકશાહીની પરિપક્વતા માટે જરૂરી છે. સાવરકર હોય કે અન્ય કોઈ રાષ્ટ્રીય વ્યક્તિત્વ, તેમના યોગદાન અને વિચારો અંગેની ચર્ચા રાજકીય આક્ષેપો નહીં, પરંતુ તથ્યોના આધારે થવી જોઈએ.

બેંગલુરુ ટેક સમિટમાં ભવિષ્યની સંરક્ષણ ટેકનોલોજીની ઝલક

સંરક્ષણ ક્ષેત્રે ભારત નવા શિખરો સર કરી રહ્યું છે જેમાં ટેકનોલોજીકલ અપગ્રેડેશન મુખ્ય બાબત છે હવે તો ખાનગી ક્ષેત્રને પણ આ બાબતમાં સંશોધન અને પ્રોડક્શન કરવાની છૂટ આપવામાં આવતા વિકાસ ઝડપી બન્યો છે



પ્રાસંગિક
સુરેશ દેસાઈ

બેંગલુરુમાં યોજાયેલી બેંગલુરુ ટેક સમિટમાં ભવિષ્યના સંરક્ષણ ક્ષેત્રની અદ્યતન ટેકનોલોજીની ઝલક જોવા મળી હતી. સમિટમાં રજૂ કરવામાં આવેલી નવીન ટેકનોલોજી આગામી સમયમાં દેશની સરહદ સુરક્ષા, લશ્કરી દેખરેખ, સૈનિકો સુધી જરૂરી સામાન પહોંચાડવા અને સમુદ્રની અંદર તપાસ કરવાની પધ્ધતિમાં મોટું પરિવર્તન લાવી શકે છે. ખાસ કરીને ડ્રોન આધારિત ટેકનોલોજીએ સૌનું ધ્યાન ખેંચ્યું હતું. દુશ્મનના ડ્રોનને હવામાં જ રોકવા માટેની કાઉન્ટર-ડ્રોન સિસ્ટમ, ઊંચા પર્વતીય વિસ્તારોમાં ભારે સામાન પહોંચાડતાં ડ્રોન તેમજ હવામાંથી પાણીમાં ઉતરીને તપાસ કરી શકતાં ડ્રોન આ પ્રદર્શનનાં મુખ્ય આકર્ષણ રહ્યાં હતાં. આ ઉપરાંત રોબોટિક વાહનો, રોકેટ એન્જિન અને સેટેલાઇટ એઆઈ જેવી ટેકનોલોજી પણ રજૂ કરવામાં આવી હતી.સમિટમાં સૌથી વધુ ચર્ચા 'ફ્યૂરી' નામની કાઉન્ટર-ડ્રોન સિસ્ટમની થઈ હતી. યુએનમેન્ડ કંપની દ્વારા વિકસાવવામાં આવી રહેલું આ ડ્રોન દુશ્મનના ડ્રોનને અટકાવવા અને નિષ્ક્રિય કરવા માટે તૈયાર કરવામાં આવી રહ્યું છે. તેની ઈન્ટરસેપ્ટર ઝડપ કલાકના ૩૦૦ કિલોમીટર સુધીની હોવાનું જણાવાયું છે. આ ડ્રોન ૩૦ કિલોમીટરની રેન્જમાં કામગીરી કરી શકે છે અને આશરે એક હજાર ફૂટની ઊંચાઈ સુધી પહોંચી શકે છે. તેમાં બે કિલોગ્રામ સુધીનો વિસ્ફોટક ભાર લઈ જવાની ક્ષમતા પણ દર્શાવવામાં આવી છે. હાલમાં આ ડ્રોન વિકાસના તબક્કામાં છે.આધુનિક યુધ્ધમાં નાના ડ્રોન દ્વારા થતી ઘૂસણખોરી અને જાસૂસી સુરક્ષા દળો માટે મોટો પડકાર બની રહી છે. આવા સંજોગોમાં દુશ્મનના ડ્રોનને ઓળખીને તેનો સામનો કરી શકે તેવી ઝડપી પ્રણાલીનું મહત્ત્વ વધી રહ્યું છે. ફ્યૂરી જેવી ટેકનોલોજી ભવિષ્યમાં સરહદી વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવામાં ઉપયોગી બની શકે છે.પર્વતીય વિસ્તારોમાં ફરજ બજાવતા સૈનિકો માટે જરૂરી સામાન પહોંચાડવો હંમેશાં પડકારજનક રહ્યો છે. ખાસ કરીને ઊંચાઈવાળા વિસ્તારોમાં રસ્તાઓનો અભાવ, ખરાબ હવામાન અને મુશ્કેલ ભૌગોલિક પરિસ્થિતિને કારણે પૂરવઠો પહોંચાડવામાં મુશ્કેલી પડે છે. આ સમસ્યાના ઉકેલ માટે યુએનમેન્ડ કંપનીએ 'ટાઈટન' નામનું ભારે સામાન વહન કરી શકે તેવું ડ્રોન રજૂ કર્યું છે.આ ડ્રોન ૬૦ કિલોગ્રામ સુધીનો સામાન ઊંચા પર્વતીય વિસ્તારોમાં પહોંચાડી શકે છે. સૈનિકો માટે ખોરાક, દવાઓ, જરૂરી સાધનો અને અન્ય સામગ્રી પહોંચાડવામાં આ ટેકનોલોજી ઉપયોગી બની શકે છે. જ્યાં માનવીય પરિવહન મુશ્કેલ હોય ત્યાં ડ્રોન દ્વારા પૂરવઠો પહોંચાડવાથી સમયની બચત થવાની સાથે સૈનિકોની મુશ્કેલીઓ પણ ઘટી શકે છે. આ ડ્રોનનું ઉત્પાદન હાલમાં ચાલુ હોવાનું જણાવાયું છે. સંરક્ષણ ક્ષેત્રમાં લોજિસ્ટિક્સ વ્યવસ્થાને આધુનિક બનાવવા માટે તેને મહત્ત્વપૂર્ણ ટેકનોલોજી માનવામાં આવી રહી છે.સમિટનું અન્ય એક આકર્ષણ 'અવતાર' નામનું વિશિષ્ટ ડ્રોન રહ્યું હતું. એક્વા એરએક્સ કંપની દ્વારા વિકસાવવામાં આવેલું આ ડ્રોન હવામાં ઉડાન ભરવાની સાથે સીધું પાણીમાં ઉતરીને પાણીની અંદર પણ દેખરેખ રાખી શકે છે. આ ડ્રોન પાણીમાં ૭૫થી ૧૦૦ મીટર સુધી ઊંડે જઈ શકે છે. તેની કાર્યક્ષેત્રની રેન્જ ૨૦ કિલોમીટર છે અને તે પાંચ કિલોગ્રામ સુધીનાં સેન્સર તથા અન્ય ઉપકરણો લઈ જઈ શકે છે.હાલમાં આ ડ્રોન પરીક્ષણ હેઠળ છે. સમુદ્રી સરહદોની દેખરેખ, બંદરોની સુરક્ષા, જળાશયોની તપાસ અને આપત્તિ સમયે બચાવ કામગીરીમાં તેની ઉપયોગિતા વધી શકે છે. સામાન્ય રીતે હવાઈ ડ્રોન અને પાણીની અંદર કાર્ય કરતાં ઉપકરણો અલગ-અલગ હોય છે, પરંતુ અવતાર બંને પ્રકારની કામગીરી કરવાની ક્ષમતા ધરાવે છે. આથી ભવિષ્યમાં સમુદ્રી દેખરેખ અને તપાસની કામગીરી વધુ સરળ બની શકે છે.પાણીની અંદર ઊંડે સુધી તપાસ કરવા માટે એક્વા એરએક્સ કંપની દ્વારા 'નેક્સર' નામનું ડ્રોન પણ રજૂ કરવામાં આવ્યું હતું. આ ડ્રોન સમુદ્રમાં ૩૦૦ મીટર ઊંડે સુધી જઈને તપાસ કરી શકે છે. તેનું વજન આશરે ૬૦ કિલોગ્રામ છે અને તે ૧૦ કિલોગ્રામ સુધીનાં ઉપકરણો લઈ જવાની ક્ષમતા ધરાવે છે. આ ડ્રોન બજારમાં રજૂ કરવામાં આવ્યું હોવાનું જણાવાયું છે.સમુદ્રની અંદર રહેલી પાઇપલાઇન, બંદરોના માળખાં અને અન્ય મહત્ત્વપૂર્ણ વ્યવસ્થાઓની તપાસમાં આ ડ્રોન ઉપયોગી બની શકે છે. ખાસ કરીને સમુદ્રી સુરક્ષા અને સંરક્ષણ ક્ષેત્રે પાણીની અંદર થતી હિલચાલ પર નજર રાખવા માટે આવી ટેકનોલોજી મહત્ત્વપૂર્ણ છે. ઊંડા પાણીમાં માણસોને મોકલવાને બદલે રોબોટિક ડ્રોનની મદદથી માહિતી એકત્ર કરી શકાય તો જોખમ ઘટાડી શકાય છે અને તપાસની કામગીરી વધુ ઝડપી બની શકે છે.આ સમગ્ર પ્રદર્શન પાછળ બેંગલુરુમાં સ્થાપિત 'ઇનોવર્સ' નામના બિનલાભકારી ડીપ-ટેક ઇનોવેશન કેમ્પસ અને સ્ટાર્ટઅપ એક્સિલરેટર ફાઉન્ડેશનની મહત્ત્વપૂર્ણ ભૂમિકા હોવાનું જણાવાયું છે. તેનો મુખ્ય હેતુ સંશોધન, વિકાસ અને નવીન ટેકનોલોજીને પ્રોત્સાહન આપવાનો છે. પ્રયોગશાળામાં તૈયાર થતી ટેકનોલોજીને વાસ્તવિક ઉપયોગ અને બજાર સુધી પહોંચાડવા માટે સ્ટાર્ટઅપ્સને માર્ગદર્શન, સંસાધનો અને જરૂરી સહયોગ પૂરો પાડવામાં આવે છે.સંરક્ષણ ક્ષેત્રમાં સ્વદેશી ટેકનોલોજી વિકસાવવી ભારત માટે મહત્ત્વપૂર્ણ બની રહી છે. વિદેશી ટેકનોલોજી પરની નિર્ભરતા ઘટાડવા અને દેશની પોતાની સંશોધન ક્ષમતાને મજબૂત બનાવવા માટે સ્ટાર્ટઅપ્સ, સંશોધકો અને ઉદ્યોગો વચ્ચે સંકલન જરૂરી છે. ઈનોવર્સ જેવા મંચ આ દિશામાં નવી તકો ઊભી કરી શકે છે.સમિટમાં માત્ર ડ્રોન જ નહીં, પરંતુ રોબોટિક વાહનો, રોકેટ એન્જિન અને સેટેલાઇટ આધારિત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટેકનોલોજીનું પણ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. રોબોટિક વાહનો જોખમી વિસ્તારોમાં માનવીય હસ્તક્ષેપ ઓછો કરીને કામગીરી કરવામાં મદદરૂપ થઈ શકે છે. સેટેલાઇટ એઆઈ દ્વારા મોટા પ્રમાણમાં મળતી માહિતીનું વિશ્લેષણ કરીને સરહદી વિસ્તારોની હિલચાલ, હવામાન અને ભૌગોલિક પરિસ્થિતિ અંગે ઝડપી માહિતી મેળવી શકાય છે. જ્યારે રોકેટ એન્જિનની અદ્યતન ટેકનોલોજી અવકાશ ક્ષેત્રે દેશની ક્ષમતામાં વધારો કરી શકે છે.આ ટેકનોલોજીનો ઉપયોગ માત્ર સંરક્ષણ પૂરતો સીમિત નહીં રહે, પરંતુ આપત્તિ વ્યવસ્થાપન, કૃષિ, પરિવહન, પર્યાવરણની દેખરેખ અને સુરક્ષા જેવા ક્ષેત્રોમાં પણ થઈ શકે છે. આમ, બેંગલુરુ ટેક સમિટ નવીન સંશોધન અને ભવિષ્યની ટેકનોલોજી માટે મહત્ત્વપૂર્ણ મંચ બની રહી છે.જોકે આ અદ્યતન ટેકનોલોજી સામે અનેક પડકારો પણ છે. ડ્રોન અને સ્વયંસંચાલિત સિસ્ટમો માટે સાયબર સુરક્ષા, ડેટાની સલામતી, હવાઈ નિયમો અને કાનૂની માળખું મજબૂત હોવું જરૂરી છે. ખાસ કરીને સ્વયંસંચાલિત નિર્ણય લેતી પ્રણાલીઓમાં માનવીય દેખરેખ અને જવાબદારી જળવાઈ રહે તે મહત્ત્વનું છે. પરીક્ષણના તબક્કામાં રહેલી ટેકનોલોજીને મોટા પાયે ઉત્પાદન અને વાસ્તવિક ઉપયોગ સુધી પહોંચાડવા માટે પૂરતું રોકાણ, સંશોધન અને સમયની પણ જરૂર પડશે.બેંગલુરુ ટેક સમિટે સ્પષ્ટ સંકેત આપ્યો છે કે ભવિષ્યના સંરક્ષણ ક્ષેત્રમાં ડ્રોન, રોબોટિક્સ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની ભૂમિકા સતત વધવાની છે. જો આ ટેકનોલોજી સફળતાપૂર્વક વિકસાવીને અમલમાં મૂકવામાં આવશે તો સરહદ સુરક્ષા, સૈનિકોની સલામતી, લશ્કરી પૂરવઠો અને સમુદ્રી દેખરેખની પધ્ધતિમાં મોટું પરિવર્તન આવી શકે છે. ભારતની સ્વદેશી સંરક્ષણ ટેકનોલોજી માટે પણ આ નવી દિશા સાબિત થઈ શકે છે.

શબ્દ સંજોગ-૨૩૦૦



આડી ચાવી :
(૧) બેઉ છેડે વળેલો ધાતુનો કડી જેવો સળિયો (૩)
(૩) ગાંધીજીનું જન્મ સ્થાન (૫)
(૬) આંટો, ફેરો (૩)
(૮) શોક, દુઃખ (૨)
(૯) ઉદારમતવાદી (૪)
(૧૧) અને (૧)
(૧૨) પૈસો, માળા (૨)
(૧૩) કારણ, પ્રયોજન (૨)
(૧૫) એક માલિકીના હારબંધ ખેતર (૨)
(૧૬) રાખડી (૨)
(૧૮) પાછુ (૩)
(૨૧) સુંદર સ્ત્રી (૨)
(૨૩) પાસા ફેકી ભવિષ્ય જોવાની વિદ્યા (૩)
(૨૫) છેડો, નિવેડો (૨)
(૨૬) છોકરાને કાને પહેરવાનુ કુંડળ (૩)
(૨૮) સૃષ્ટિ, વિશ્વ(અ) (૩)
(૨૯) ધનુષ્યની પણછનો અવાજ (૩)
(૩૧) ચણાના લોટની એક મીઠાઈ (૩)
(૩૨) રસવાળુ, રસપૂર્ણ (૩)

ઉભી ચાવી :
(૧) પાંડુની માતા (૪)
(૨) અમેરિકી ચલણ (૩)
(૩) ગામ પાસેની નાની વસાહત (૨)
(૪) સીસાનો એક ક્ષાર (૨)
(૫) ધમકીને ડરામણી (૪)
(૭) સાવ બોડુ માથુ (૨)
(૧૦) તમાકુ, છીંકણી (૩)
(૧૪) એક વસ્તુ બીજા પર દબાવાથી તેની આકૃતિ પડે તે (૨)
(૧૫) ખાટલામાં વાણની ચાર ચાર સેરની પાંતી (૩)
(૧૭) ખારાશવાળુ તત્વ (૨)
(૧૯) .....જુઓ તેલની ધાર જુઓ (૨)
(૨૦) પતિત પાવન.... (૪)
(૨૨) હાથી (૩)
(૨૪) માખ (૩)
(૨૭) પહોર પહોરને આંતરે ઘડિયાળ વગાડવામાં આવે છે તે (૩)
(૨૮) એક તેજાનો (૨)
(૨૯) છાપ મારેલો સિક્કો, ટકો (૨)
(૩૦) સૂર્ય, સૂરજ (૨)

શબ્દ સંજોગ-૨૨૯૯ જવાબ

આડી ચાવી : (૧) અંબા (૩) કૃપા (૬) કટક (૮) રસમ (૧૦) શકટ (૧૨) સમ (૧૩) મકર (૧૬) સ્તર (૧૮) માલા (૧૯) મતલબ (૨૧) કરણ (૨૩) ગરમર (૨૫) બરફ (૨૭) કર (૨૮) તાઉસ (૨૯) તજા (૩૦) લોફર (૩૧) રવી (૩૨) દલ. **ઉભી ચાવી :** (૧) અંકુશ (૨) કાટ (૪) પારસ (૫) કીમ (૬) કટક (૭) કવિ (૯) સમસ્ત (૧૧) કમલાકર (૧૪) રમણ (૧૫) અલગ (૧૭) રબર (૨૦) બરકત (૨૨) રફતાર (૨૪) મરજાદ (૨૫) બગલો (૨૬) કેસર.

સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

રાજકોટ

કપાસ બી.ટી.	૧૭૫૦	૧૮૮૫
ઘઉં લોકવન	૫૯૮	૬૪૧
ઘઉં ટુકડા	૫૮૬	૬૮૧
જુવાર સફેદ	૧૦૫૦	૧૫૦૦
જુવાર લાલ	૧૦૨૬	૧૨૨૫
બાજરી	૪૮૧	૫૫૦
તુવેર	૧૪૧૪	૨૧૦૧
ચણા પીળા	૧૪૭૦	૧૫૨૫
ચણા સફેદ	૧૬૦૦	૨૩૫૦
અડદ	૧૪૫૦	૨૦૦૪
મગ	૧૪૩૦	૧૭૬૦
વાલ દેશી	૪૦૦	૧૬૦૦
ચોળી	૧૧૦૦	૨૦૭૦
મઠ	૧૮૧૦	૨૬૧૦
વટાણા	૪૫૦	૮૩૦
કળથી	૫૪૬	૧૬૧૬
રાજમા	૧૮૦૦	૨૪૬૦
સીંગદાણા	૧૮૪૪	૨૧૩૧
મગફળી જાડી	૧૨૩૧	૧૩૩૦
મગફળી જીણી	૧૨૬૧	૧૩૫૦
તલી	૨૮૩૦	૩૨૭૬
એરંડા	૧૪૨૫	૧૫૩૪
અજમો	૩૩૭૫	૩૮૨૦
સોયાબીન	૧૪૬૦	૧૫૭૦
સીંગફાડા	૧૬૮૦	૨૦૩૬
કાળા તલ	૨૯૫૦	૪૧૫૧
લસણ	૧૨૦૧	૨૫૭૫
ધાણા	૨૭૦૦	૨૮૫૦
મરચા સૂકા	૩૨૦૦	૬૦૦૦
ધાણી	૨૮૪૧	૩૦૫૦
વરીયાળી	૨૩૫૦	૩૦૭૬
જીરૂ	૪૬૫૦	૫૦૫૫
રાય	૧૬૪૫	૧૮૩૫
મેથી	૧૦૦૦	૨૧૮૦
ઇસબગુલ	૨૬૦૦	૩૩૦૦
ક્લોંજી	૪૬૮૦	૫૦૮૮
રાયડો	૧૨૫૦	૧૮૬૦
રજકાનુ બી	૫૧૫૦	૭૬૦૦
ગુવારનુ બી	૧૪૫૦	૧૬૪૦

રાજકોટ (શાકભાજી)

લીંબુ	૬૧૨	૧૨૦૬
પપૈયા	૧૮૨	૩૭૪
બટેટા	૭૧	૨૮૨
ડુંગળી સુકી	૧૫૦	૭૫૦
ટમેટા	૨૫૭	૫૧૨
સુરણ	૪૧૭	૬૦૫
કોથમરી	૭૮૨	૧૦૨૨
મૂળા	૨૧૫	૪૩૬
રીંગણા	૧૮૪	૫૧૪
કોબીજ	૩૭	૬૯
ફ્લાવર	૨૦૫	૩૧૦
ભીંડો	૬૨૧	૧૦૦૨
ગુવાર	૮૫૩	૧૪૬૨
ચોળાસીંગ	૭૯૭	૧૧૮૪
વાલોળ	૬૧૦	૮૦૫
ટીંડોરા	૨૪૬	૫૨૧
દૂધી	૨૭૨	૫૬૪
કારેલા	૨૧૪	૪૨૩
સરગવો	૫૪૭	૧૧૦૪
તૂરીયા	૭૯૧	૧૧૭૭
પરવર	૫૨૫	૭૬૪
કાકડી	૫૦૫	૯૨૦
ગાજર	૩૩૭	૬૧૨
વટાણા	૭૫૨	૧૦૨૬
તુવેરસીંગ	૪૦૬	૬૧૪
ગલકા	૪૪૭	૬૮૭
બીટ	૨૫૬	૫૨૧
મેથી	૨૨૩	૪૩૨
વાલ	૯૯૦	૧૪૨૫
ડુંગળી લીલી	૨૫૨	૪૦૩
આદુ	૧૦૦૬	૧૩૯૬
ચણા લીલા	૩૧૬	૯૦૩
મરચા લીલા	૨૧૯	૪૫૭
હળદર લીલી	૪૧૬	૬૦૪
લસણ લીલું	૨૯૭૬	૪૪૫૨
મકાઇ લીલી	૨૨૦	૩૪૦

ગોંડલ

કપાસ	૧૭૦૧	૧૯૨૧
ઘઉં લોકવન	૫૫૦	૭૮૦
ઘઉં ટુકડા	૫૦૦	૬૪૨
મગફળી જીણી	૧૦૫૧	૧૩૨૧
સિંગ ફાડીયા	૮૦૦	૨૦૮૧
એરંડા / એરંડી	૧૪૩૬	૧૫૮૬
તલ કાળા	૨૫૦૦	૪૦૫૧
જુવર	૨૨૦૦	૫૧૯૧
ક્લંજી	૨૪૦૧	૪૯૬૧
એરંડા / એરંડી	૧૪૩૬	૧૫૮૬
તલ કાળા	૨૫૦૦	૪૦૫૧
જુવર	૨૨૦૦	૫૧૯૧
ક્લંજી	૨૪૦૧	૪૯૬૧
ધાણા	૨૭૦૧	૩૧૫૧
મરચા સૂકા પટ્ટો	૨૬૦૧	૬૬૦૧
લસણ સુકું	૧૦૧૧	૨૨૬૧
ડુંગળી લાલ	૧૨૧	૮૩૧
અડદ	૯૯૧	૧૯૪૧
તુવેર	૯૨૬	૧૯૩૧
રાય	૧૮૪૧	૧૮૪૧
મેથી	૧૧૫૧	૧૮૨૧
કાંગ	૧૦૬૧	૧૧૨૧
મરચા	૨૬૦૧	૬૩૦૧
મગફળી જાડી	૧૦૦૧	૧૭૦૧
સફેદ ચણા	૧૩૪૬	૨૪૦૧
તલ - તલી	૨૨૫૧	૩૨૬૧
ધાણી	૨૭૭૧	૩૨૬૧
ડુંગળી સફેદ	૨૭૧	૪૧૧
બાજરો	૪૭૬	૫૩૧
જુવાર	૫૫૧	૧૪૫૧
મકાઇ	૫૫૧	૬૦૧
મગ	૧૧૫૧	૧૮૦૧
ચણા	૧૦૫૧	૧૫૨૬
વાલ	૧૫૭૧	૧૫૭૧
ચોળા / ચોળી	૧૨૦૧	૧૬૫૧
સોયાબીન	૧૩૦૧	૧૬૨૧
ગોગળી	૭૦૦	૧૪૪૧
વટાણા	૪૫૧	૯૦૧

ગોંડલ (શાકભાજી)

ટમેટા	૨૦૦	૪૪૦
મરચા	૩૦૦	૧૪૦૦
ગુવાર	૬૦૦	૧૪૦૦
કોબી	૬૦	૧૪૦
દૂધી	૨૦૦	૭૦૦
ફ્લાવર	૧૦૦	૨૪૦
કાકડી	૩૦૦	૧૦૦૦
રીંગણા	૧૦૦	૫૦૦
ભીંડો	૩૦૦	૧૦૦૦
ગલકા	૩૦૦	૮૦૦
ગાજર	૬૦૦	૧૦૦૦
ટિંડોરા	૨૦૦	૭૦૦
તુવેર	૫૦૦	૮૦૦

વાલ	૬૦૦	૧૪૦૦
વટાણા	૭૦૦	૧૪૦૦
બટેટા	૧૦૦	૨૫૦
આંબળા	૪૦૦	૮૦૦
લીલી હળદર	૨૦૦	૬૦૦
ડુંગળી પુરા	૨	૮
તાંજરીયા પુરા	૮	૧૦
કોથમીર પુરા	૫	૧૨
મૂળા પુરા	૫	૧૦
કાચા કેળા	૨૦૦	૪૦૦
પચકારુ	૪૦૦	૮૦૦
ચૂરણ	૬૦૦	૧૦૦૦
પરવર	૮૦૦	૧૦૦૦
ઘીસોડા	૫૦૦	૧૪૦૦
લીંબુ	૬૦૦	૧૨૦૦
મેથી પુરા	૩	૬
બીટ પુરા	૧૫	૨૦
સરગવો પુરા	૩૦	૪૦
ચોરા	૩૦૦	૧૦૦૦
કારેલા	૩૦૦	૬૦૦
વાલોર	૩૦૦	૬૦૦
કાચા પપૈયા	૧૪૦	૩૦૦
આદુ	૧૦૦૦	૨૦૦૦
ફ્લાવર	૧૨૦૦	૨૦૦૦
મકાઇ ડોડા	૨૦૦	૪૦૦
લસણ પુરા	૨૦	૩૦
પાલક પુરા	૫	૮

અમરેલી

શિંગ મઠડી	૧૨૦૦	૧૫૬૫
શિંગ ગીરનાર	૧૦૫૦	૧૫૫૫
શિંગ મોટી	૧૧૩૫	૧૬૬૫
શિંગદાણા	૧૫૦૦	૨૦૪૫
તલ સફેદ	૨૬૨૦	૩૮૩૦
તલ કાળા	૨૫૦૦	૪૧૦૫
તલ કાશમીરી	૨૮૭૦	૩૧૯૦
બાજરો	૫૦૦	૬૨૦
જુવાર	૧૫૮૦	૧૬૦૦
ઘઉં ટુકડા	૫૩૦	૭૪૫
ઘઉં લોકવન	૫૭૫	૬૪૦
અડદ	૧૫૦૫	૧૭૫૦
ચણા	૧૨૦૦	૧૫૪૦
સફેદ ચણા	૧૩૦૦	૧૪૩૫
છોલે ચણા	૧૬૫૦	૧૬૫૦
વટાણા	૩૫૦	૩૫૦
તુવેર	૧૦૦૦	૧૮૨૦
કપાસ	૧૨૪૦	૧૯૩૦
એરંડા	૧૨૬૦	૧૫૩૦
જીરૂ	૩૦૦૦	૫૦૪૦
ધાણી	૨૫૦૦	૩૧૦૦
અજમા	૧૪૦૦	૩૧૫૦
મેથી	૧૩૦૦	૧૪૦૦
સોયાબીન	૧૦૦૦	૧૫૭૦
મરચા લાંબા	૨૭૫૦	૫૪૪૦
કળથી	૬૧૫	૬૧૫

અમરેલી (શાકભાજી)

બટેટા	૧૨૦	૨૬૦
રીંગણા	૩૫૦	૫૯૦
ફ્લાવર	૨૦૦	૩૦૦
કોબીજ	૯૦	૧૫૦
શકકરીયા	૮૫૦	૯૫૦
ટમેટા	૪૦૦	૫૦૦
સુરણ	૯૫૦	૧૦૫૦
ગાજર	૫૫૦	૮૦૦

દૂધી	૪૦૦	૫૦૦
કારેલા	૫૦૦	૬૦૦
ગલકા	૬૦૦	૭૨૦
મૂળા	૩૦૦	૪૦૦
કાકડી	૫૦૦	૯૮૦
ગુવાર	૫૦૦	૧૦૦૦
વાલોળ	૪૦૦	૫૦૦
વટાણા	૧૦૦	૧૧૦૦
ચોળા લીલા	૫૫૦	૬૦૦
તૂરીયા	૧૨૦૦	૧૩૦૦
લીલી તુવેર	૯૮૦	૯૦૦
વાલ	૧૧૫૦	૧૨૨૦
ભીંડો	૬૦૦	૮૦૦
હળદર લીલી	૭૦૦	૮૦૦
આદુ	૧૧૦૦	૧૨૦૦
કોથમીર	૬૨૦	૮૩૦
મેથીભાજી	૪૧૦	૫૨૦
ફુદીનો	૮૦૦	૯૦૦
ટીંડોરા	૫૦૦	૬૦૦
બીટ	૫૫૦	૬૫૦
સરગવો	૬૦૦	૮૦૦
લીમડો મીઠો	૧૮૦	૨૦૦
મરચા લીલા	૫૦૦	૭૦૦
મરચા લાલ	૫૦૦	૧૧૦૦
ડુંગળી લીલી	૪૨૦	૫૨૦
ડુંગળી સુકી	૨૦૦	૭૦૦
લસણ લીલું	૩૫૦૦	૪૦૦૦
લસણ સુકું	૧૨૫૦	૨૪૮૦
પાલક	૫૦૦	૬૦૦
લીંબુ	૯૦૦	૧૦૦૦
મકાઇ	૩૫૦

સાવરકુંડલાના સીમરણ, કરજાળા અને વિજયાનગર ગામોને રૂ. ૬.૭૬ કરોડનાં વિકાસકાર્યોની ભેટ

વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત ધારાસભ્ય મહેશ કસવાલાના હસ્તે કરાયું

સાવરકુંડલા,તા.૨૫



સાવરકુંડલા તાલુકાનાં સીમરણ, કરજાળા અને વિજયાનગર ગામમાં કુલ રૂ. ૬.૭૬ કરોડના વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય મહેશ કસવાલાના હસ્તે કરવામાં આવ્યું હતું. જેમાં સીમરણ ગામે રૂ. ૧ કરોડના ખર્ચે સી.સી. રોડ, કરજાળા ગામે રૂ. ૬૦ લાખના ખર્ચે એપ્રોચ રોડનું નિર્માણ કરવામાં આવશે. જ્યારે વિજયાનગર ગામે રૂ. ૫.૧૬ કરોડના ખર્ચે વિજયાનગર-સાવરકુંડલા રોડનું રિસરફેસિંગ, સી.સી. રોડ, નાળા, સાંગાબાપા ગૌશાળા પાસે માઈનોર બ્રિજ તથા રૂ. ૧૬ લાખના ખર્ચે આંગણવાડીનું નિર્માણ કરવામાં આવશે. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ચોડવડિયા, રજનીભાઈ ડોબરીયા, મુકેશભાઈ આદ્રોજા, જીવનભાઈ વેકરિયા સહિત સરપંચો, આગેવાનો અને સંગઠનના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

પ્રફૂલ પટેલની 'પાટીદાર-ચૌધરી' એકતાની હાકલ: ઉમિયાધામનું સમર્થન, કોંગ્રેસે ગણાવ્યું રાજકીય નિવેદન

અમદાવાદ,તા.૨૫



ગુજરાત વિધાનસભા ચૂંટણી પૂર્વે સાબરકાંઠામાં યોજાયેલા અર્બુદા માતાજીના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં દીવ-દમણના પ્રશાસક પ્રફૂલ પટેલના એક નિવેદનથી રાજ્યનું રાજકારણ ગરમાયું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીની ઉપસ્થિતિમાં તેમણે કહ્યું હતું કે, 'મા ઉમિયા, મા અર્બુદા અને મા ખોડિયાર ત્રણેય સગી બહેનો છે, તો તમે શું કરવા જુદા પડો છો?' પ્રફૂલ પટેલની આ વાતને ઊંઝા ઉમિયાધામ ટ્રસ્ટના પ્રમુખ મહેન્દ્ર પટેલે આવકારી છે. તેમણે બંને સમાજનો મૂળ ઈતિહાસ અને રહેણીકરણી એક હોવાનું જણાવી આવનારા દિવસોમાં 'રોટી-બેટી'નો વ્યવહાર શરૂ કરવા પર ભાર મૂક્યો હતો. સિદસર ઉમિયાધામના ઉપપ્રમુખ જગદીશ કોટડીયાએ પણ વિકાસ માટે તમામ સમાજને સાથે રાખી એક થવાનું સમર્થન કર્યું હતું. બીજી તરફ, કોંગ્રેસ નેતા લલિત વસોયાએ આ નિવેદનની ટીકા કરતા તેને સંપૂર્ણપણે રાજકીય ગણાવ્યું હતું અને મંચ પરથી આવી વાત શોભતી ન હોવાનું જણાવ્યું હતું.

ધોરાજી શહેરમાં કે.ઓ. શાહ કોલેજ ગ્રાઉન્ડ બચાવવા આંદોલનનાં મંડાણ

ધોરાજી,તા.૨૫

ધોરાજી નગરપાલિકાની હદમાં આવેલા એકમાત્ર જાહેર કે.ઓ. શાહ કોલેજ ગ્રાઉન્ડ પર સરકારી અધિકારીઓના બંગલા બનાવવાનો નિર્ણય સામે સ્થાનિક લોકોમાં રોષ ફેલાયો છે. આ મેદાનમાં વર્ષોથી રામનવમીનો લોકમેળો, ધાર્મિક કથાઓ, રામાયણ સપ્તાહ, ભાગવત કથા તેમજ રાજકીય કાર્યક્રમો યોજાય છે. આસપાસ મંદિરો અને ગૌશાળા પણ આવેલી છે. મેદાનમાં બંગલા બનશે તો વિદ્યાર્થીઓની રમતગમત સહિત ધાર્મિક અને સામાજિક કાર્યક્રમો ક્યાં યોજાશે તેવો સવાલ ઉઠ્યો છે. આ મુદ્દે ૨૬ નવેમ્બર, ગુરુવારે સાંજે ૬ વાગ્યે જમનાવડ રોડ સ્થિત લેઉવા પટેલ સમાજ ખાતે સર્વપક્ષીય બેઠક યોજાશે. કોલેજ ગ્રાઉન્ડ બચાવવા તમામ આગેવાનોને જોડાવા અપીલ કરાઈ છે. બીજી તરફ સાંસદ અને ધારાસભ્યની આ મુદ્દે રજૂઆત અંગેના મૌનને લઈને પણ ચર્ચા ચાલી રહી છે.

કાણકબરડા ગામે બાપા સીતારામ મઢુલીનો ૧ ઉમો પાટોત્સવ ઉજવાયો

ઉના,તા.૨૫



ઉના તાલુકાના કાણકબરડા ગામે બાપા સીતારામ મઢુલીનો ૧ ઉમો પાટોત્સવ ધાર્મિક માહોલમાં ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે સમસ્ત ગામ દ્વારા મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગામના વડીલો, યુવાનો, બહેનો સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સૌએ બાપા સીતારામનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી અને મહાપ્રસાદનો લાભ લીધો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો. પાટોત્સવના આયોજનને સફળ બનાવવા મઢુલીના સેવકગણ અને ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક જવાબદારી સંભાળી હતી. ગ્રામજનોના સહયોગથી ધાર્મિક કાર્યક્રમ સુવ્યવસ્થિત રીતે સંપન્ન થયો હતો. આ પ્રસંગે ગામમાં ભક્તિ અને શ્રધ્ધાનો માહોલ છવાયો હતો.

રાજુલાના વિપુલ લહેરીનું રાજકોટમાં ત્રણ દિવસીય તસવીર પ્રદર્શન યોજાશે

અમરેલી,તા.૨૫

રાજુલાના યુવા તસવીરકાર અને ગુજરાત ગૌરવ પુરસ્કારથી સન્માનિત વિપુલ નટવરલાલ લહેરીનું તસવીર પ્રદર્શન રાજકોટની ડો. શ્યામા પ્રસાદ મુખર્જી આર્ટ ગેલેરી, રેસકોર્સ ખાતે ૨૮થી ૩૦ નવેમ્બર દરમિયાન યોજાશે. ગુજરાત સરકારની લલિત કલા અકાદમીના આર્થિક સહયોગથી યોજાનારા આ વનમેન શોનું શીર્ષક 'ગુજરાતની ધરતીના જીવંત રંગો' રાખવામાં આવ્યું છે. ૨૮ નવેમ્બરે સાંજે ચાર વાગ્યે ઉદ્ઘાટન થશે. ઉદ્ઘાટક તરીકે રાજ્યસભાના સાંસદ મહારાણા કેસરીદેવસિંહજી ઝાલા, મુખ્ય અતિથિ તરીકે રાજકોટના સાંસદ પરસોત્તમભાઈ રૂપાલા ઉપસ્થિત રહેશે. ઉપરાંત બીપીનભાઈ લહેરી, પ્રશાંતભાઈ શાહ અને ભૂષણભાઈ પંડ્યા અતિથિ વિશેષ તરીકે હાજરી આપશે. પ્રદર્શન દરરોજ સવારે ૧૦થી રાત્રે ૧૦ વાગ્યા સુધી ખુલ્લું રહેશે. કલા રસિકોને પ્રદર્શન નિહાળવા આમંત્રણ અપાયું છે.

ઉના ખાંડ ઉદ્યોગના ૬૦૦થી વધુ કામદારોને રૂ. ૨.૩ કરોડ ચૂકવવા સુપ્રીમ કોર્ટનો આદેશ

ઉના,તા.૨૫

ઉના તાલુકા ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળીમાં વર્ષો પહેલાં અન્યાયનો ભોગ બનેલા ૬૦૦થી વધુ કામદારોને આશરે રૂ.૨૩ કરોડ ચૂકવવાનો સુપ્રીમ કોર્ટે આદેશ કર્યો છે. સૌરાષ્ટ્ર મજૂર મહાજન સંઘ, રાજકોટ દ્વારા કામદારોને ન્યાય અપાવવા માટે ચાર દાયકાથી ચાલતી કાનૂની લડત આખરે સફળ થઈ છે. ફેક્ટરી સંચાલન દ્વારા અગાઉ બે વખત કથિત ગેરકાયદેસર લે-ઓફ જાહેર કર્યા બાદ ૬૦૦ થી વધુ કામદારોને કાયદેસરના હક અને વળતર ચૂકવ્યા વિના છૂટા કરી દેવાયા હતા. આ મામલે સંઘે મજૂર અદાલત, ઔદ્યોગિક અદાલત, ગુજરાત હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ સુધી લડત ચલાવી હતી. સંઘના પ્રધાનમંત્રી દિલીપભાઈ ઠાકરે જણાવ્યું કે સુપ્રીમ કોર્ટના ચુકાદા છતાં ચુકવણી ન થતાં જવાબદાર અધિકારીઓને કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટની નોટિસ પાઠવવાની ફરજ પડી છે. હવે ૬૦૦થી વધુ કામદારો અને તેમના પરિવારોની નજર રૂ.૨૩ કરોડની રકમ ક્યારે ચૂકવાય તેના પર છે.

સૌરાષ્ટ્ર મજૂર મહાજન સંઘની ૪૦ વર્ષની કાનૂની લડત રંગ લાવી : ચુકાદાના અમલની કામદારોને રાહ

ઉના તાલુકાના મોઠા ગામમાં પલ્સ પોલિયો અભિયાન યોજાયું

ઉના,તા.૨૫



ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના મોઠા ગામમાં ૨૨થી ૨૪ નવેમ્બર દરમિયાન રાષ્ટ્રીય આરોગ્ય મિશન અંતર્ગત પલ્સ પોલિયો અભિયાન ચલાવવામાં આવ્યું હતું. જેમાં ૦ થી ૫ વર્ષનાં બાળકોને પોલિયોના ટીપાં પીવડાવવામાં આવ્યા હતા. ૨૨ નવેમ્બરે બૂથ પર ૭૯ બાળકોને અને ૨૩ નવેમ્બરે ઘરે-ઘરે જઈને ૧૨ બાળકોને ટીપાં અપાયાં હતાં. ૨૪ નવેમ્બરે બાકી રહેલા બાળકોને ટીપાં આપવાની કામગીરી હાથ ધરાઈ હતી. આ અભિયાનમાં પોલિયો સુપરવાઈઝર મેહુલભાઈ શ્રીમાળી, હીનાબેન ચંદાણા, નીતાબેન ગોહિલ સહિત આશા બહેનો, આંગણવાડી કાર્યકરો અને તેડાગર બહેનોએ કામગીરી કરી હતી.

-:: જાહેર નોટીસ ::-

કોડીનારના મહે. એડીશનલ ચિફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં મું- કોડીનાર જી-ગીરસોમનાથ.

ફો.પ.અ.નં.- ૨૦૧/ ૨૦૨૬
મુદત તારીખ - ૩૦/૧૧/૨૦૨૬

અરજદાર :- ભગવાનભાઈ ભામાભાઈ બારડ
રહે.મું -દેવળી,તા.કોડીનાર,જી, ગીર સોમનાથ
-વિધ્વાન વકીલ શ્રી-એન.એમ.જાદવ,
વિરૂધ્ધ
સામાવાળા :- તલાટી કમ મંત્રી શ્રી, દેવળી, ગ્રામ પંચાયત કચેરી
મું-દેવળી, તા. કોડીનાર, જી.ગીરસોમનાથ

આથી તમામ લાગતા વળગતાઓને આ જાહેર નોટીસ થી જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર ભગવાનભાઈ ભામાભાઈ બારડ રહે. મું -દેવળી,તા. કોડીનાર,જી. ગીરસોમનાથ વાળાએ તેમના પિતા ભામાભાઈ નારણભાઈ બારડનું મુત્યુ તા. ૨૦/૦૨/૧૯૮૨ ના રોજ-દેવળી,તા. કોડીનાર, જી.ગીર સોમનાથ મુકામે થયેલ છે. જે બાબતની અરજી દાખલ કરી મૃત્યુ અંગેનુ પ્રમાણપત્ર મેળવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ હોય જે બાબતે કોઈને વાંધા તકરાર હોય તો મુદત તારીખ- ૩૦/૧૧/૨૦૨૬ ના કલાક ૧૦-૩૦ કલાકે કોડીનાર કોર્ટમાં બિનચુક હાજર રહેશો તેમ કરવામાં કસુર કરશો તો આગળની યોગ્ય તે કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૫/૧૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યા.

તૈયાર કરનાર સહી (એ.આર.ચૌહાણ) (આસીસ્ટન્ટ) | મુકાબલ કરનાર સહી (એ.જી.ચૌહાણ) (સુપ્રિટેન્ડેન્ટ) | કોર્ટનો સિક્કો | હુકમથી સહી (એન.એન.પંડ્યા) (રજીસ્ટ્રાર) એડી.ચિફ.જયુડી.મેજી.કોર્ટ, કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

કોડીનારના મહે. એડીશનલ ચિફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં મું- કોડીનાર જી-ગીરસોમનાથ.

ફો.પ.અ.નં.- ૨૨૩/ ૨૦૨૬
મુદત તારીખ - ૨૭ / ૧૧/૨૦૨૬

અરજદાર :- વિનોદકુમાર દામોદરદાસ ગંગદેવ
રહે.કોડીનાર, તા.કોડીનાર,જી, ગીર સોમનાથ
-વિધ્વાન વકીલ શ્રી- એન.એમ.જાદવ,
વિરૂધ્ધ
સામાવાળા :- ચીફ ઓફિસરશ્રી, કોડીનાર નગરપાલીકા
મું.-કોડીનાર, તા.કોડીનાર, જી.ગીર સોમનાથ

આથી તમામ લાગતા વળગતાઓને આ જાહેર નોટીસ થી જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર વિનોદકુમાર દામોદરદાસ ગંગદેવ, રહે.કોડીનાર, તા. કોડીનાર,જી. ગીરસોમનાથ વાળાએ તેમના ભત્રીજા, સાગર ભરતભાઈ ગંગદેવનો જન્મ તા. ૧૫/૦૩/૧૯૮૬ ના રોજ- કોડીનાર, તા.કોડીનાર, જી.ગીર સોમનાથ મુકામે થયેલ છે. જે બાબતની અરજી દાખલ કરી જન્મ અંગેનુ પ્રમાણપત્ર મેળવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ હોય જે બાબતે કોઈને વાંધા તકરાર હોય તો મુદત તારીખ- ૨૭/૧૧/૨૦૨૬ ના કલાક ૧૦-૩૦ કલાકે કોડીનાર કોર્ટમાં બિનચુક હાજર રહેશો તેમ કરવામાં કસુર કરશો તો આગળની યોગ્ય તે કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૫/૧૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યા.

તૈયાર કરનાર સહી (એ.એમ.ચૌહાણ) (આસીસ્ટન્ટ) | મુકાબલ કરનાર સહી (એ.જી.ચૌહાણ) (સુપ્રિટેન્ડેન્ટ) | કોર્ટનો સિક્કો | હુકમથી સહી (એન.એન.પંડ્યા) (રજીસ્ટ્રાર) એડી.ચિફ.જયુડી.મેજી.કોર્ટ, કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

કોડીનારના મહે. એડીશનલ ચિફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં મું- કોડીનાર જી-ગીરસોમનાથ.

ફો.પ.અ.નં.- ૨૦૩/ ૨૦૨૬
મુદત તારીખ - ૨૬ / ૧૧/૨૦૨૬

અરજદાર :- મહમદ ઈકબાલ મલેકભાઈ બેલીમ
રહે.કોડીનાર, તા.કોડીનાર,જી, ગીર સોમનાથ
-વિધ્વાન વકીલ શ્રી- એન.એમ.જાદવ,
વિરૂધ્ધ
સામાવાળા :- ચીફ ઓફિસરશ્રી, કોડિનાર નગરપાલીકા
મું-કોડીનાર, તા. કોડીનાર, જી.ગીરસોમનાથ

આથી તમામ લાગતા વળગતાઓને આ જાહેર નોટીસ થી જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર મહમદ ઈકબાલ મલેકભાઈ બેલીમ, રહે. કોડીનાર, તા. કોડીનાર,જી. ગીરસોમનાથ વાળાએ તેમના ભાઈ અબ્દુલ કાદરભાઈ મલેકભાઈ બેલીમનો જન્મ તા. ૨૬/૦૧/૧૯૬૮ ના રોજ - કોડીનાર, તા. કોડીનાર, જી.ગીર સોમનાથ મુકામે થયેલ છે. જે બાબતની અરજી દાખલ કરી જન્મ અંગેનુ પ્રમાણપત્ર મેળવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ હોય જે બાબતે કોઈને વાંધા તકરાર હોય તો મુદત તારીખ- ૨૬/૧૨/૨૦૨૬ ના કલાક ૧૦-૩૦ કલાકે કોડીનાર કોર્ટમાં બિનચુક હાજર રહેશો તેમ કરવામાં કસુર કરશો તો આગળની યોગ્ય તે કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૫/૧૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યા.

તૈયાર કરનાર સહી (એ.આર.ચૌહાણ) (આસીસ્ટન્ટ) | મુકાબલ કરનાર સહી (એ.જી.ચૌહાણ) (સુપ્રિટેન્ડેન્ટ) | કોર્ટનો સિક્કો | હુકમથી સહી (એન.એન.પંડ્યા) (રજીસ્ટ્રાર) એડી.ચિફ.જયુડી.મેજી.કોર્ટ, કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

કોડીનારના મહે. એડીશનલ ચિફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં મું- કોડીનાર જી-ગીરસોમનાથ.

ફો.પ.અ.નં.- ૨૨૧/ ૨૦૨૬
મુદત તારીખ - ૨૭ / ૧૧/૨૦૨૬

અરજદાર :- ધનીબેન કેશુભાઈ મોરી
રહે.પીપળી, તા.કોડીનાર,જી, ગીર સોમનાથ
-વિધ્વાન વકીલ શ્રી- એન.એમ.જાદવ,
વિરૂધ્ધ
સામાવાળા :- તલાટી કમ મંત્રી શ્રી, પીપળી ગ્રામ પંચાયત કચેરી
મું-પીપળી, તા. કોડીનાર, જી.ગીરસોમનાથ

આથી તમામ લાગતા વળગતાઓને આ જાહેર નોટીસ થી જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર ધનીબેન કેશુભાઈ મોરી, રહે.પીપળી, તા. કોડીનાર,જી. ગીરસોમનાથ વાળાએ તેમના પુત્ર અમીતકુમાર કેશુભાઈ મોરીનો જન્મ તા. ૦૧/૦૬/૧૯૮૦ ના રોજ - પીપળી, તા. કોડીનાર, જી.ગીર સોમનાથ મુકામે થયેલ છે. જે બાબતની અરજી દાખલ કરી જન્મ અંગેનુ પ્રમાણપત્ર મેળવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ હોય જે બાબતે કોઈને વાંધા તકરાર હોય તો મુદત તારીખ- ૨૭/૧૧/૨૦૨૬ ના કલાક ૧૦-૩૦ કલાકે કોડીનાર કોર્ટમાં બિનચુક હાજર રહેશો તેમ કરવામાં કસુર કરશો તો આગળની યોગ્ય તે કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૫/૧૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યા.

તૈયાર કરનાર સહી (એ.આર.ચૌહાણ) (આસીસ્ટન્ટ) | મુકાબલ કરનાર સહી (એ.જી.ચૌહાણ) (સુપ્રિટેન્ડેન્ટ) | કોર્ટનો સિક્કો | હુકમથી સહી (એન.એન.પંડ્યા) (રજીસ્ટ્રાર) એડી.ચિફ.જયુડી.મેજી.કોર્ટ, કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

કોડીનારના મહે. એડીશનલ ચિફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં મું- કોડીનાર જી-ગીરસોમનાથ.

ફો.પ.અ.નં.- ૨૪૨/ ૨૦૨૬
મુદત તારીખ - ૨૩ / ૧૨/૨૦૨૬

અરજદાર :- વંશ કાળીબેન રૂડાભાઈ
રહે.મું -વેલણ,તા.કોડીનાર,જી, ગીર સોમનાથ
-વિધ્વાન વકીલ શ્રી- પી.પી.વાઘેલા,
વિરૂધ્ધ
સામાવાળા :- તલાટી કમ મંત્રી શ્રી,. વેલણ ગ્રામ પંચાયત કચેરી
મું-વેલણ, તા. કોડીનાર, જી.ગીરસોમનાથ

આથી તમામ લાગતા વળગતાઓને આ જાહેર નોટીસ થી જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર વંશ કાળીબેન રૂડાભાઈ રહે.મું -વેલણ, તા. કોડીનાર,જી. ગીરસોમનાથ વાળાએ તેમના પતિ સ્વ. રૂડાભાઈ કરશનભાઈ વંશનું મુત્યુ તા. ૧૯/૦૬/૨૦૦૪ ના રોજ વેલણ,તા. કોડીનાર, જી.ગીર સોમનાથ મુકામે થયેલ છે. જે બાબતની અરજી દાખલ કરી મૃત્યુ અંગેનુ પ્રમાણપત્ર મેળવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ હોય જે બાબતે કોઈને વાંધા તકરાર હોય તો મુદત તારીખ- ૨૩/૧૨/૨૦૨૬ ના કલાક ૧૦-૩૦ કલાકે કોડીનાર કોર્ટમાં બિનચુક હાજર રહેશો તેમ કરવામાં કસુર કરશો તો આગળની યોગ્ય તે કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૫/૧૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યા.

તૈયાર કરનાર સહી (એ.આર.ચૌહાણ) (આસીસ્ટન્ટ) | મુકાબલ કરનાર સહી (એ.જી.ચૌહાણ) (સુપ્રિટેન્ડેન્ટ) | કોર્ટનો સિક્કો | હુકમથી સહી (એન.એન.પંડ્યા) (રજીસ્ટ્રાર) એડી.ચિફ.જયુડી.મેજી.કોર્ટ, કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

કોડીનારના મહે. એડીશનલ ચિફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં મું- કોડીનાર જી-ગીરસોમનાથ.

ફો.પ.અ.નં.- ૨૧૯/ ૨૦૨૬
મુદત તારીખ - ૨૭ / ૧૧/૨૦૨૬

અરજદાર :- માનુબેન વા/ ઓ બાલુભાઈ બાંભણીયા ડો/ ઓ વાસાભાઈ સોલંકી
રહે.કોડીનાર, તા.કોડીનાર,જી, ગીર સોમનાથ
-વિધ્વાન વકીલ શ્રી- પી.પી.વાઘેલા,
વિરૂધ્ધ
સામાવાળા :- તલાટી કમ મંત્રી શ્રી, જીથલા ગ્રામ પંચાયત કચેરી
મું-જીથલા, તા. કોડીનાર, જી.ગીરસોમનાથ

આથી તમામ લાગતા વળગતાઓને આ જાહેર નોટીસ થી જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર માનુબેન વા / ઓ બાલુભાઈ બાંભણીયા ડો / ઓ વાસાભાઈ સોલંકી, રહે.કોડીનાર, તા. કોડીનાર,જી. ગીરસોમનાથ વાળાએ તેમના ભાઈ રાજાભાઈ વાસાભાઈ સોલંકીનો જન્મ તા. ૦૧/૦૬/૧૯૭૪ ના રોજ - જીથલા,તા. કોડીનાર, જી.ગીર સોમનાથ મુકામે થયેલ છે. જે બાબતની અરજી દાખલ કરી જન્મ અંગેનુ પ્રમાણપત્ર મેળવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ હોય જે બાબતે કોઈને વાંધા તકરાર હોય તો મુદત તારીખ- ૨૭/૧૧/૨૦૨૬ ના કલાક ૧૦-૩૦ કલાકે કોડીનાર કોર્ટમાં બિનચુક હાજર રહેશો તેમ કરવામાં કસુર કરશો તો આગળની યોગ્ય તે કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૫/૧૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યા.

તૈયાર કરનાર સહી (એ.આર.ચૌહાણ) (આસીસ્ટન્ટ) | મુકાબલ કરનાર સહી (એ.જી.ચૌહાણ) (સુપ્રિટેન્ડેન્ટ) | કોર્ટનો સિક્કો | હુકમથી સહી (એન.એન.પંડ્યા) (રજીસ્ટ્રાર) એડી.ચિફ.જયુડી.મેજી.કોર્ટ, કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

કોડીનારના મહે. એડીશનલ ચિફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં મું- કોડીનાર જી-ગીરસોમનાથ.

ફો.પ.અ.નં.- ૧૮૫/ ૨૦૨૬
મુદત તારીખ - ૨૨ / ૧૨/૨૦૨૬

અરજદાર :- ચારણીયા વિનોદભાઈ ગોવિંદભાઈ
રહે.મુળ દ્વારકા, તા.કોડીનાર,જી, ગીર સોમનાથ
-વિધ્વાન વકીલ શ્રી- પી.પી.વાઘેલા,
વિરૂધ્ધ
સામાવાળા :- જન્મ મરણ અધિકારીશ્રી અને ચીફ ઓફીસર સાહેબ
નગરપાલિકા, તા.કોડીનાર, જી.ગીર સોમનાથ

આથી તમામ લાગતા વળગતાઓને આ જાહેર નોટીસ થી જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર ચારણીયા વિનોદભાઈ ગોવિંદભાઈ, રહે.મુળ દ્વારકા, તા. કોડીનાર,જી. ગીરસોમનાથ વાળાએ તેમની પુત્રી ચારણીયા ધનેશ્વરી વિનોદભાઈનો જન્મ તા. ૧૩/૦૯/૨૦૨૦ ના રોજ મુળ દ્વારકા મુકામે થયેલ છે. જે બાબતની અરજી દાખલ કરી જન્મ અંગેનુ પ્રમાણપત્ર મેળવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ હોય જે બાબતે કોઈને વાંધા તકરાર હોય તો મુદત તારીખ- ૨૨/૧૨/૨૦૨૬ ના કલાક ૧૦-૩૦ કલાકે કોડીનાર કોર્ટમાં બિનચુક હાજર રહેશો તેમ કરવામાં કસુર કરશો તો આગળની યોગ્ય તે કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૬/૧૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યા.

તૈયાર કરનાર સહી (એ.એમ.રાઠોડ) (આસીસ્ટન્ટ) | મુકાબલ કરનાર સહી (એમ.કે.રાઠોડ) (બેંચ ક્લાર્ક) | કોર્ટનો સિક્કો | હુકમથી સહી (એન.એન.પંડ્યા) (રજીસ્ટ્રાર) એડી.ચિફ.જયુડી.મેજી.કોર્ટ, કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

કોડીનારના મહે. એડીશનલ ચિફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં મું- કોડીનાર જી-ગીરસોમનાથ.

ફો.પ.અ.નં.- ૨૧૨/ ૨૦૨૬
મુદત તારીખ - ૨૬ / ૧૧/૨૦૨૬

અરજદાર :- રાજાભાઈ લખમણભાઈ બાંભણીયા
રહે.મું -બોડવા,તા.કોડીનાર,જી, ગીર સોમનાથ
-વિધ્વાન વકીલ શ્રી- પી.પી.વાઘેલા,
વિરૂધ્ધ
સામાવાળા :- તલાટી કમ મંત્રી શ્રી,બોડવા ગ્રામ પંચાયત કચેરી
મું-બોડવા, તા. કોડીનાર, જી.ગીરસોમનાથ

આથી તમામ લાગતા વળગતાઓને આ જાહેર નોટીસ થી જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર રાજાભાઈ લખમણભાઈ બાંભણીયા રહે. મું -બોડવા,તા. કોડીનાર,જી. ગીરસોમનાથ વાળાએ તેમના માતા સ્વ.જાનુબેન લખમણભાઈ બાંભણીયાનું મુત્યુ તા.૧૨/૦૫/૨૦૧૨ ના રોજ બોડવા,તા. કોડીનાર, જી.ગીર સોમનાથ મુકામે થયેલ છે. જે બાબતની અરજી દાખલ કરી મૃત્યુ અંગેનુ પ્રમાણપત્ર મેળવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ હોય જે બાબતે કોઈને વાંધા તકરાર હોય તો મુદત તારીખ- ૨૬/૧૧/૨૦૨૬ ના કલાક ૧૦-૩૦ કલાકે કોડીનાર કોર્ટમાં બિનચુક હાજર રહેશો તેમ કરવામાં કસુર કરશો તો આગળની યોગ્ય તે કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૫/૧૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યા.

તૈયાર કરનાર સહી (એ.આર.ચૌહાણ) (આસીસ્ટન્ટ) | મુકાબલ કરનાર સહી (એ.જી.ચૌહાણ) (સુપ્રિટેન્ડેન્ટ) | કોર્ટનો સિક્કો | હુકમથી સહી (એન.એન.પંડ્યા) (રજીસ્ટ્રાર) એડી.ચિફ.જયુડી.મેજી.કોર્ટ, કોડીનાર

રાજ્યમાં આજથી બે દિવસ કમોસમી વરસાદની આગાહીથી ખેડૂતોમાં ચિંતા

અમદાવાદ તા.૨૫



ગુજરાતમાં આજથી આગામી બે દિવસ દરમિયાન માવઠું થવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. રાજ્યમાં ૨૬થી ૨૮ નવેમ્બર દરમિયાન વરસાદ પડી શકે છે. ખાસ કરીને ૨૬ અને ૨૭ નવેમ્બરે ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં વરસાદની આગાહી છે. અમદાવાદ અને ગાંધીનગર ઉપરાંત સુરત વલસાડ નવસારી તાપી ડાંગ ભરૂચ આણંદ વડોદરા અરવલ્લી મહીસાગર પંચમહાલ દાહોદ છોટા ઉદેપુર અને નર્મદા જિલ્લામાં પણ વરસાદ પડી શકે છે. માવઠાની આગાહીને પગલે ખેડૂતોમાં ચિંતા જોવા મળી રહી છે. બીજી તરફ રાજ્યમાં શિયાળાની શરૂઆત સાથે ઠંડીનું મોજું પણ યથાવત રહેવાની શક્યતા છે. હવામાન વિભાગે કેટલાક રાજ્યોમાં વરસાદ સાથે ૬૦ થી ૮૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની પણ ચેતવણી આપી છે. વરસાદની સંભાવનાને ધ્યાનમાં રાખીને ખેડૂતોને પાકની સુરક્ષા અને ખેતરમાં પાણીના નિકાલ માટે સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવી છે.

બારડોલીમાં પરિવારને નહેરમાં ફેંકી દેવાની ઘટનામાં માતા પિતા અને બાળકીના મોત : ૧૩ વર્ષનો પુત્ર બચ્યો

સુરત તા.૨૫



સુરત જિલ્લાના બારડોલી નજીક આખા પરિવારને નહેરમાં ફેંકી દેવાની હૃદયદ્રાવક ઘટના સામે આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

મહારાષ્ટ્રના જલગાંવનો પરિવાર મજૂરી કામ માટે આવી રહ્યો હતો ત્યારે ઉવા ગામ નજીક ચાર શખ્સોએ તેમની કાર આંતરી પરિવારના સભ્યોને નહેરમાં ફેંકી દીધા હતા. આરોપીઓએ ઇકો કાર નહેર પાસે ઉભી રાખી માતા પિતા અને બાળકોને પાણીમાં ફેંક્યા હતા. આ ઘટનામાં ૧૩ વર્ષનો પુત્ર નહેરનો પાઈપ પકડીને પોતાનો જીવ બચાવવામાં સફળ રહ્યો હતો. તેણે આરોપીઓમાંથી એક શખ્સને ઓળખી બતાવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

ઘટનાની જાણ થતાં પોલીસ અને ફાયર ટીમે નહેરમાં શોધખોળ શરૂ કરી હતી. મહુવા તાલુકાના ડુંગરી નજીક ઉકાઈ કાકરાપાર ડાબા કાંઠાની નહેરમાંથી માતા કવિતા પાટીલ પિતા નીતિન ઉર્ફે ભુરિયા પાટીલ અને નાની બાળકી સહિત ત્રણ મૃતદેહ મળી આવ્યા હતા. પ્રાથમિક માહિતી મુજબ કવિતા પાટીલના પ્રથમ પતિનું અવસાન થયા બાદ તે નીતિન સાથે રહેતી હતી. પોલીસે ઘટનાની વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે ચારેય શખ્સોની ઓળખ મેળવવા અને પરિવારની હત્યા પાછળનું કારણ જાણવા તપાસ તેજ કરી છે.

ઉમર ખાલિદ અને શર્જીલ ઇમામને જામીન આપવા સુપ્રીમ કોર્ટનો ઇન્કાર

નવી દિલ્હી તા.૨૫

દિલ્હી રમખાણોના મોટા કાવતરાના કેસમાં સુપ્રીમ કોર્ટે ઉમર ખાલિદ અને શર્જીલ ઇમામને હાલ વચગાળાના જામીન આપવાનો ઇનકાર કર્યો છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની આગેવાની હેઠળ ન્યાયમૂર્તિ જાયમલ્યા બાગચી અને વી. મોહનાની બેન્ચે દિલ્હી પોલીસને નોટિસ પાઠવી જવાબ માંગ્યો છે. ઉમર ખાલિદ વતી વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે જામીનની માંગ કરી હતી. જ્યારે શર્જીલ ઇમામના વકીલ સિધ્ધાર્થ દવેએ લાંબી કેદનો મુદ્દો ઉઠાવી રાહત માંગી હતી. જોકે બેન્ચે હાલ જામીન આપવાનો ઇનકાર કર્યો હતો. બંનેએ દિલ્હી હાઈકોર્ટના જામીન નકારવાના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે. ફરિયાદ પક્ષ સુરક્ષિત સાક્ષીઓના નિવેદનો નોંધવામાં નિષ્ફળ રહ્યો હોવાની દલીલ પણ અરજદારો દ્વારા કરવામાં આવી હતી.

કાશ્મીર અને લદ્દાખમાં ઠંડીનો ચમકારો : શોપિયનમાં માઇનસ ૪.૨ ડિગ્રી તાપમાન

શ્રીનગર તા.૨૫



કાશ્મીર અને લદ્દાખમાં અકાળે પડેલી કડકડતી ઠંડીએ જનજીવન પર અસર કરી છે. રાત્રિના તાપમાનમાં સતત ઘટાડો થતાં સવારના સમયે લોકોની મુશ્કેલી વધી છે. બુધવારે શોપિયામાં સૌથી ઓછું માઇનસ ૪.૨ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. જ્યારે શ્રીનગરમાં મોસમની સૌથી ઠંડી રાત નોંધાતા તાપમાન માઇનસ ૧.૯ ડિગ્રી સુધી પહોંચી ગયું હતું. શ્રીનગર એરપોર્ટ પર માઇનસ ૨.૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. કડકડતી ઠંડીથી બચવા લોકો ગરમ કપડાં અને પરંપરાગત કાંગરીનો સહારો લઈ રહ્યા છે.લદ્દાખમાં પણ ઠંડીનો પ્રકોપ વધ્યો છે. દ્રાસમાં માઇનસ ૧૦.૪ ડિગ્રી અને લેહમાં માઇનસ ૮.૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. કારગિલમાં માઇનસ ૭.૨ ડિગ્રી અને ન્યોમામાં માઇનસ ૯.૮ ડિગ્રી તાપમાન રહ્યું હતું. અનેક વિસ્તારોમાં પાણીના સ્ત્રોત થીજી ગયા છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ સ્વચ્છ આકાશને કારણે રાત્રે ઠંડી વધી રહી છે. જોકે દિવસ દરમિયાન સૂર્યપ્રકાશથી થોડી રાહત મળી રહી છે. આગામી ૩૦ નવેમ્બર સુધી કાશ્મીર અને લદ્દાખમાં મુખ્યત્વે શુષ્ક હવામાન રહેવાની આગાહી કરવામાં આવી છે. આગામી દિવસોમાં ઠંડીનો પ્રકોપ વધુ વધવાની શક્યતા છે.

મહારાષ્ટ્રમાં પેપર લીક કરનારાઓને ૧૦ કરોડનો દંડ અને ૧૦ વર્ષની જેલની ભલામણ

મુંબઈ તા.૨૫

મહારાષ્ટ્ર જાહેર સેવા આયોગની પરીક્ષાના પેપર લીક કેસમાં રચાયેલી ઉચ્ચ સ્તરીય સમિતિએ સરકારને બીજો અહેવાલ સોંપ્યો છે. જેમાં પેપર લીક અને પરીક્ષામાં ગેરરીતિ કરનારાઓ સામે કડક કાર્યવાહીની ભલામણ કરવામાં આવી છે. સંગઠિત ગુનામાં ૭ થી ૧૦ વર્ષની જેલ અને ઓછામાં ઓછો ૧૦ કરોડ રૂપિયાનો દંડ તેમજ મિલકત જપ્ત કરવાની ભલામણ છે. વ્યક્તિગત રીતે ગેરરીતિ કરનારાઓને ૫ થી ૧૦ વર્ષની જેલ અને ૫૦ લાખ સુધીનો દંડ થઈ શકે છે. તપાસ માટે સ્પેશિયલ ટાસ્ક ફોર્સ અને ફાસ્ટ ટ્રેક કોર્ટ બનાવવાની પણ ભલામણ કરાઈ છે. પરીક્ષા વ્યવસ્થામાં ટેકનિકલ સુધારા અને સાયબર સુરક્ષા મજબૂત કરવા સૂચવાયું છે. સરકાર આગામી શિયાળુ સત્રમાં કાયદાકીય સુધારા બિલ રજૂ કરે તેવી શક્યતા છે

દક્ષિણ ભારતમાં વરસાદ અને વાવાઝોડાની આગાહી, અનેક રાજ્યોમાં વીજળી પડવાની પણ શક્યતા

નવી દિલ્હી તા.૨૫



દેશના વિવિધ ભાગોમાં હવામાનમાં ફેરફાર જોવા મળી રહ્યો છે. દક્ષિણ ભારતમાં વરસાદ અને ભારે પવનની સ્થિતિ છે જ્યારે ઉત્તર ભારતમાં ઠંડી અને ધુમ્મસનો પ્રકોપ વધી રહ્યો છે.

ભારતીય હવામાન વિભાગે ૨૫ અને ૨૬ નવેમ્બરે અનેક રાજ્યોમાં વરસાદ અને વીજળી પડવાની ચેતવણી આપી છે. તમિલનાડુ પુડુચેરી અને કરાઈકલમાં ભારે વરસાદ સાથે ૪૦ થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. કેટલાક વિસ્તારોમાં પવનની ઝડપ ૭૦ કિલોમીટર સુધી પહોંચી શકે છે. કેરળ આંધ્રપ્રદેશ કર્ણાટક અને તેલંગાણામાં પણ વરસાદ અને ગાજવીજની સંભાવના છે. લક્ષદ્વીપ અને આંદામાન નિકોબાર ટાપુઓમાં પણ વરસાદ પડી શકે છે.

બીજી તરફ દિલ્હીમાં હવામાન સ્વચ્છ રહેવાની આગાહી છે. ઉત્તર પ્રદેશ અને બિહારમાં વાતાવરણ શુષ્ક રહેશે. પંજાબ અને હિમાચલ પ્રદેશમાં ગાઢ ધુમ્મસને કારણે વાહનચાલકોને મુશ્કેલી પડી શકે છે. ગુજરાત રાજસ્થાન મધ્યપ્રદેશ મહારાષ્ટ્ર અને ઉત્તરાખંડમાં મોટી વરસાદી ચેતવણી નથી. અહીં મુખ્યત્વે શુષ્ક હવામાન રહેવાની શક્યતા છે.

અમેરિકા, ચીન અને યુરોપિયન યુનિયન સહિત ૧૬ દેશો પર ટેરિફ વધારવાની તૈયારીમાં

વોશિંગ્ટન તા.૨૫



અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનું વહીવટીતંત્ર ટૂંક સમયમાં ચીન યુરોપિયન યુનિયન સહિત અન્ય ૧૪ દેશો પર ટેરિફ વધારવાની યોજના જાહેર કરી શકે છે. અમેરિકાના વેપાર પ્રતિનિધિ કાર્યાલય દ્વારા આ ૧૬ અર્થતંત્રોમાં ઉદ્યોગોને આપવામાં આવતી સબસિડી અંગે મહિનાઓથી તપાસ કરવામાં આવી રહી છે. તેના પરિણામો આગામી દિવસોમાં જાહેર થવાની શક્યતા છે. વ્હાઇટ હાઉસના જણાવ્યા મુજબ આ દેશોની સબસિડીના કારણે વધુ ઉત્પાદન થઈ રહ્યું છે અને ઓછા ભાવના ઉત્પાદનો અમેરિકાના બજારમાં આવી રહ્યા છે. જેના કારણે અમેરિકાની કંપનીઓને નુકસાન થઈ રહ્યું છે. નવા ટેરિફ ગયા વર્ષે લાદવામાં આવેલા વ્યાપક ટેરિફના સ્થાને લાવવાના પ્રયાસનો ભાગ છે. અગાઉ અમેરિકાની સુપ્રીમ કોર્ટે ટ્રમ્પના વ્યાપક પારસ્પરિક ટેરિફને ફગાવી દીધા હતા. જુલાઈમાં અમેરિકાએ ૬૦ વેપારી ભાગીદારો પર ૧૦ થી ૧૨.૫ ટકા સુધીના ટેરિફ લાદ્યા હતા. હવે નવા ટેરિફનું ચોક્કસ પ્રમાણ જાહેર થયું નથી. જોકે અગાઉના ટેરિફ ઉપરાંત નવા કર લાદવામાં આવે તેવી શક્યતા છે. ચીન સહિત અનેક દેશોએ અમેરિકાના આ પગલાનો વિરોધ કર્યો છે.

નાગપુરમાં ઘાસની ગંજી નીચે છુપાવેલી ત્રણ બોરીમાંથી ૩.૭૪ કરોડની રોકડ મળી

બાલાઘાટ તા.૨૫



મહારાષ્ટ્રના નાગપુરમાં વેપારીના કર્મચારીઓ પાસેથી લૂંટાયેલા ૩.૭૪ કરોડ રૂપિયાથી વધુની રોકડ મધ્યપ્રદેશના બાલાઘાટ જિલ્લામાંથી મળી આવી છે. નાગપુર પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચની સંયુક્ત ટીમે વારાસિવની પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા ડોરલી ગામમાં દરોડો પાડ્યો હતો. ખેતરમાં ઘાસની ગંજી નીચે છુપાવેલી ત્રણ બોરીમાંથી ચલણી નોટો મળી આવી હતી. ગત ૧૮ અને ૧૯ નવેમ્બરની રાત્રેનાગપુરના તુલસીનગર વિસ્તારમાં ઉદ્યોગપતિ સુરેશ પરમારના કર્મચારીઓ પાસેથી હથિયારધારી લૂંટારુઓએ ૩.૭૪ કરોડ રૂપિયાની કાર લૂંટી હતી. તપાસ દરમિયાન મુખ્ય આરોપી શુભમની ધરપકડ કરવામાં આવી હતી. તેની પૂછપરછમાં મળેલી માહિતીના આધારે પોલીસ ડોરલી ગામ પહોંચી હતી. આરોપીના સાળા અરવિંદ દહરવાલના ખેતરમાંથી રોકડ મળી આવી હતી. પોલીસના જણાવ્યા મુજબ શુભમ આ બોરીઓ કારમાં લાવી ઘાસ નીચે છુપાવી ગયો હતો.

વિદેશ પ્રવાસ પર પ્રતિબંધ સામે સીજેપી નેતા સૌરવ દાસ હાઈકોર્ટમાં પહોંચ્યા

નવી દિલ્હી, તા.૨૫

સીજેપી નેતા સૌરવ દાસે વિદેશ પ્રવાસ પર પ્રતિબંધ મૂકવાના સરકારી એજન્સીઓના નિર્ણયને દિલ્હી હાઈકોર્ટમાં પડકાર્યો છે. તેમના વકીલે આજે તાત્કાલિક સુનાવણીની માંગ કરી હતી. આવતીકાલે સાંજે ફ્લાઈટ હોવાથી આજે જ સુનાવણી કરવા વિનંતી કરી હતી. જોકે કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ નીતિન સાંબ્રેએ આવતીકાલે સુનાવણી કરવાનો નિર્ણય લીધો હતો. અગાઉ મદ્રાસ હાઈકોર્ટે તેમની નાગરિકતા અને સોશિયલ મીડિયા એકાઉન્ટ બ્લોક કરવાની માંગ કરતી અરજીમાં કેન્દ્ર સરકારને નોટિસ ફટકારી હતી. અરજીમાં તેમના કથિત નેપાળી મૂળની તપાસની માંગ કરાઈ હતી. આ ઉપરાંત જંતર-મંતર વિસ્તારમાં પરવાનગી વિના પ્રવેશ કરવા બદલ દિલ્હી પોલીસે સૌરવ દાસ અને અન્ય નેતાઓ સામે એફઆઈઆર પણ નોંધાવી હતી.

તમિલનાડુમાં કાર્તિગાઈ દીપમ વિવાદમાં ભાજપે મુખ્યમંત્રી વિજય સરકારને આપી ચેતવણી

ચેન્નાઈ તા.૨૫



તમિલનાડુમાં કાર્તિગાઈ દીપમ ઉત્સવ દરમિયાન દીવા પ્રગટાવવાના મુદ્દે વિવાદ વકર્યો છે. ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ બીએલ સંતોષે મુખ્યમંત્રી વિજય સરકાર પર સુપ્રીમ કોર્ટના વચગાળાના આદેશનો અનાદર કરવાનો આરોપ લગાવ્યો છે. તેમના જણાવ્યા મુજબ મદુરાઈ જિલ્લા વહીવટીતંત્રે તિરુપ્પરંકુન્દ્રમના દીપથૂન પથ્થરના સ્તંભને બદલે ઉચ્ચિપિલ્લૈયાર મંડપમમાં દીવા પ્રગટાવ્યા હતા. ભાજપે આ મામલે સરકારને કાયદાકીય અને સાંસ્કૃતિક પડકારોનો સામનો કરવો પડશે તેવી ચેતવણી આપી છે. બીજી તરફ રાજ્યના વિવિધ વિસ્તારોમાં હિન્દુ સંગઠનોએ વિરોધ પ્રદર્શન કરી નિર્ધારિત સ્થળે દીવા પ્રગટાવવાની માંગ કરી હતી. રામનાથપુરમ અને પોલ્લાચીમાં રસ્તા રોકીને સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. પોલીસે દરમિયાનગીરી કરી કેટલાક પ્રદર્શનકારીઓની અટકાયત કરી હતી.

ઈરાનની અમેરિકાને સ્પષ્ટ ચેતવણી : સાત શરતો પૂરી થશે તો જ વાટાઘાટો થશે, હોર્મુઝમાં તણાવ વધ્યો

દુબઈ તા.૨૫



ઈરાને અમેરિકા સાથે સંઘર્ષનો અંત લાવવા માટે વાટાઘાટો કરવા સાત શરતો પૂરી કરવાની માંગ કરી છે. ઈરાનના મુખ્ય વાટાઘાટકાર અને સંસદના અધ્યક્ષ મોહમ્મદ બાઘર ગાલિબાફે જણાવ્યું હતું કે શરતો પૂર્ણ નહીં થાય ત્યાં સુધી વાતચીત કરવામાં આવશે નહીં.

ઈરાનના રાજ્ય મીડિયા મુજબ આ શરતોમાં આર્થિક પ્રતિબંધો હટાવવા અને નૌકાદળની નાકાબંધી સમાપ્ત કરવા સહિતની માંગનો સમાવેશ થાય છે.દરમિયાન ઈરાને દાવો કર્યો છે કે હોર્મુઝ સ્ટ્રેટમાં લેન્ડમાઈન સાથે અથડાતા ત્રણ તેલ ટેન્કરોમાં આગ લાગી હતી. બીજી તરફ ગાઝામાં ઈઝરાયલી હુમલામાં નવ પેલેસ્ટિનિયનના મોત થયાના અહેવાલ છે. ઈરાને અમેરિકાને ચેતવણી આપી છે કે ફરી હુમલો થશે તો વધુ મજબૂત જવાબ આપવામાં આવશે. આ ઘટનાક્રમથી મધ્યપૂર્વમાં તણાવ વધ્યો છે. હોર્મુઝમાં વધતા તણાવથી વૈશ્વિક તેલ પુરવઠા અને આંતરરાષ્ટ્રીય બજારમાં ચિંતા વધી રહી છે.

અમેરિકામાં વિસ્ફોટકોનો નાશ કરવા પાંચ માઈલનો વિસ્તાર ખાલી કરાવાશે

વોશિંગ્ટન તા.૨૫

અમેરિકાના આયોવા રાજ્યમાં સેનાના દારૂગોળા પ્લાન્ટમાં સંગ્રહિત બગડેલા વિસ્ફોટકોનો નાશ કરવાની તૈયારી ચાલી રહી છે. આ કામગીરી માટે નિયંત્રિત વિસ્ફોટ કરવામાં આવશે. સંભવિત જોખમને ધ્યાનમાં રાખીને પ્લાન્ટની આસપાસ પાંચ માઈલનો વિસ્તાર ખાલી કરાવવામાં આવશે. મિડલટાઉન સ્થિત આયોવા આર્મી એમ્યુનિશન પ્લાન્ટમાં બુધવારે સવારે કામગીરી શરૂ થવાની સંભાવના છે. આ પ્રક્રિયામાં આશરે ૯૭૦૦ પાઉન્ડ લીડ એઝાઈડનો નાશ કરવામાં આવશે. આ અત્યંત સંવેદનશીલ વિસ્ફોટક હોવાથી સ્વયંભૂ વિસ્ફોટનું જોખમ છે. અસરગ્રસ્ત રહેવાસીઓ માટે પરિવહન અને કામચલાઉ રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવી છે. અમેરિકાની પર્યાવરણ સુરક્ષા એજન્સીએ ૬૮ ડ્રમના નિકાલ માટે પરવાનગી આપી છે. વિસ્ફોટ બાદ સીસાવાળી ધૂળ ફેલાવાની શક્યતાને કારણે આસપાસના વિસ્તારમાં દેખરેખ અને સફાઈની વ્યવસ્થા પણ કરવામાં આવશે.

(કે.એન.સરવૈયા સાહેબ)

સાવરકુંડલાનાં મહે.એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.સાવરકુંડલા

ફો.પ.અ.નં. -૪૩૩/૨૦૨૬

મુદત તારીખ -૧૯/૧૧/૨૦૨૬

(જાહેર નોટીસ)

અરજદારનું નામ :- ભેડા બાવભાઈ સાદુળભાઈ
રહે.૧૭૪, શિવાઈ, વાડી વિસ્તાર, ભોકરવા, તા.સાવરકુંડલા, જી.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળાનું નામઃ જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી, ભોકરવા ગ્રામ પંચાયત, તા.સાવરકુંડલા, જી.અમરેલી

આથી લાગતા વળગતા સૌ કોઈ ઈસમોને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે, ઉપર જણાવેલ અરજદાર તર્ફે વિ.વકીલશ્રી ડી.એસ.બોરીસાગર એ અત્રેની કોર્ટમાં જન્મ મરણ અધિનિયમ ૧૩(૩) તેઓના મરણની નોંધ કરાવવા અરજી દાખલ કરેલ હોય અરજદારના બેન સ્વ.ભેડા પુનીબેન સાદુળભાઈનું અવસાન તારીખઃ૨૫/૦૨/૨૦૧૧ ના રોજ ભોકરવા, સાવરકુંડલા મુકામે થયાની નોંધ માટે અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે.

સદરહું અરજ સંબંધી કોઈપણ ઈસમને વાંધો તકરાર હોય તો તેમણે મુદત તારીખ ૧૯/૧૧/૨૦૨૬ ના રોજ સવારના ૧૦:૩૦ કલાકે અત્રેની અદાલતમાં તમામ સાધનિક આધાર પુરાવા સાથે બિનચુક હાજર રહેશો.

તેમ કરવામાં કસુર કરશો તો આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની ગંભીરતાપૂર્વક નોંધ લેશો.

આજ તારીખ ૧૭/૧૦/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

તૈયાર કરનાર	મુકાબલ કરનાર	કોર્ટનો સિક્કો	હુકમથી
સહી,	સહી,		સહી,
(એ.પી.ઝાલા)	(એસ.કે.જાડેજા)		(એમ.એન.મકવાણા)
આસિસ્ટન્ટ	સિરસ્તેદાર		રજીસ્ટ્રાર
એડી ચિફ જયુડી મેજી.કોર્ટ સાવરકુંડલા	એડી ચિફ જયુડી મેજી.કોર્ટ સાવરકુંડલા		એડી ચિફ જયુડી મેજી.કોર્ટ સાવરકુંડલા

ગાંધીનગરમાં TAT-HSના ઉમેદવારોનો પરિણામના પુનઃમૂલ્યાંકનની માંગ સાથે વિરોધ

સત્યાગ્રહ છાવણી ખાતે ઉમેદવારોનું પ્રદર્શન, પોલીસે કેટલાક ઉમેદવારોની અટકાયત કરી

ગાંધીનગર,તા.૨૫

ગાંધીનગરમાં ઉચ્ચતર માધ્યમિક શિક્ષક યોગ્યતા કસોટી (TAT-HS)ના પરિણામમાં અન્યાય થયો હોવાના આક્ષેપ સાથે ઉમેદવારોએ સત્યાગ્રહ છાવણી ખાતે વિરોધ પ્રદર્શન કર્યું હતું. મોટી સંખ્યામાં એકત્રિત થયેલા ઉમેદવારોએ પરિણામનું નિષ્પક્ષ અને પારદર્શક પુનઃમૂલ્યાંકન કરવાની માંગ કરી હતી. ઉમેદવારોનો આક્ષેપ છે કે પેપરના મૂલ્યાંકનમાં ભૂલને કારણે મહેનત કરવા છતાં અપેક્ષા કરતાં ઓછા ગુણ મળ્યા છે. ઉમેદવારો ધારાસભ્યને રજૂઆત કરવા પણ પહોંચ્યા હતા. દરમિયાન પોલીસે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા કેટલાક આંદોલનકારીઓની અટકાયત કરી હતી. ઉમેદવારોએ માંગણી સ્વીકારી યોગ્ય ન્યાય નહીં મળે તો આગામી દિવસોમાં આંદોલન વધુ ઉગ્ર બનાવવાની ચીમકી આપી હતી.



નળસરોવરમાં પક્ષી શિકારનો પર્દાફાશ, ૨૯ વિદેશી પક્ષીઓ સાથે શિકારી ઝડપાયો

અમદાવાદ, તા.૨૫

અમદાવાદ નજીક આવેલા નળસરોવર પક્ષી અભયારણ્ય વિસ્તારમાં પક્ષીઓના શિકારનો પર્દાફાશ થયો છે. વન વિભાગની ટીમે રાણાગઢ નજીક ધોળી થળી વિસ્તારમાંથી દોમડા દશરથભાઈ તેજાભાઈ નામના શખ્સને ૨૯ દેશી-વિદેશી પક્ષીઓ સાથે ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી શિકાર માટે વપરાતી પાંખડ અને વાસ સહિતનો મુદ્દામાલ કબજે કરાયો હતો. વન વિભાગની કાર્યવાહી દરમિયાન ૨૫ પક્ષીઓને બચાવી લેવાયા હતા, જ્યારે ચાર પક્ષીઓનાં મોત થયા હતા. મૃત પક્ષીઓમાં દુર્લભ ગણાતા કોમન પોચાર્ડ પ્રજાતિના બે બતકનો પણ સમાવેશ થાય છે. બીજી તરફ નળસરોવર પોલીસે દરજી ગામ પાસેથી ધીરુ કાનજીભાઈ પઢાર અને રામ ઈશાભાઈ પઢારને શિકાર કરેલા પક્ષીઓ અને માંસ સાથે ઝડપી પાડ્યા હતા. બંને પક્ષીઓને ખરીદનાર હોવાનું સામે આવ્યું છે. સમગ્ર મામલે બે અલગ-અલગ કેસ નોંધી વન વિભાગ અને પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



અમદાવાદમાં રિક્ષા-ટેક્સી ચાલકોનો RTO કચેરીએ ઘેરાવ, રોજગાર બચાવવા આંદોલન

અમદાવાદ,તા.૨૫

અમદાવાદમાં રિક્ષા અને ટેક્સી ચાલકોએ રોજગાર અને હકોના રક્ષણ માટે 'રોજગાર બચાવો આંદોલન' હેઠળ બપોરે ૧૨ વાગ્યે RTO કચેરીનો ઘેરાવ કરી વિરોધ નોંધાવ્યો હતો. ઓલા-ઉબરની ભાડા નીતિ, ઓછા ભાડા અને સફેદ નંબર પ્લેટવાળા વાહનોના કોમર્શિયલ ઉપયોગ સામે ચાલકોએ રોષ વ્યક્ત કર્યો હતો. ગુજરાત ઓટો રિક્ષા ફેડરેશનના મહામંત્રી સાજિદ મકરાણીએ આક્ષેપ કર્યો હતો કે એગ્રીગેટર કંપનીઓ પાસે જરૂરી લાયસન્સ નથી. તેમણે યોગ્ય ભાડા નીતિ બનાવી ગેરકાયદે બાઈક ટેક્સી સામે કાર્યવાહી કરવાની માગ કરી હતી. વાહન વ્યવહાર કમિશનર સાથેની બેઠકમાં પણ સફેદ નંબર પ્લેટવાળા વાહનોના ટેક્સી તરીકે ઉપયોગ અંગે જવાબ મળ્યો ન હોવાનો તેમણે દાવો કર્યો હતો. તેમણે કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીની નીતિઓ સામે પણ આક્રોશ વ્યક્ત કર્યો હતો.

રાજકોટમાં પતંગનો દોરો ગળામાં ફસાતા યુવકનું સારવાર દરમિયાન કરૂણ મોત

રાજકોટ,તા.૨૫

રાજકોટના કુંભારવાડા વિસ્તારમાં પતંગનો દોરો ગળામાં ફસાઈ જતાં ગંભીર રીતે ઘવાયેલા ૨૦ વર્ષીય અતિક રિયાઝભાઈ ચૌહાણનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. આ બનાવથી પરિવારમાં શોકની લાગણી ફેલાઈ છે. મળતી માહિતી મુજબ, ગત ૨૧ નવેમ્બરે સાંજે છ વાગ્યાની આસપાસ અતિક ઘરે હતો ત્યારે તેના મિત્ર રહીશનો ફોન આવ્યો હતો. મિત્રના પિતાની તબિયત ખરાબ હોવાથી દવા લેવા માટે અતિક બાઈક લઈને તેમના ઘરે જવા નીકળ્યો હતો.

જોકે, ઘરથી થોડે દૂર શેરીમાં બાઈક ચલાવતી વખતે અચાનક પતંગનો દોરો તેના ગળામાં ફસાઈ ગયો હતો. દોરાથી ગળાના ભાગે ગંભીર ઈજા થતાં અતિક લોહીલુહાણ હાલતમાં રસ્તા પર ઢળી પડ્યો હતો. ત્યારબાદ તેને તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. જોકે, ટૂંકી સારવાર બાદ તેનું મોત નીપજતાં પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું.



સંગીતકાર ઈસ્માઈલ દરબારના માતાના મોત કેસમાં ડોક્ટરને બે વર્ષની સજા

૧૭ વર્ષ જૂના તબીબી બેદરકારીના કેસમાં સુરતના ડો. પરેશ ભજીયાવાલાને કોર્ટે કસૂરવાર ઠેરવ્યા

સુરત,તા.૨૫

બોલિવૂડના જાણીતા સંગીતકાર ઈસ્માઈલ દરબારના માતા જૈતુનબીબી દરબારના વર્ષ ૨૦૦૯માં થયેલા મૃત્યુના કેસમાં મહત્વનો ચુકાદો આવ્યો છે. સુરતના ડો. પરેશ ભજીયાવાલાને તબીબી બેદરકારી બદલ કોર્ટે દોષિત ઠેરવી બે વર્ષની સજા ફટકારી છે. સારવાર દરમિયાન દાખવવામાં આવેલી બેદરકારીને કારણે ૭૦ વર્ષીય જૈતુનબીબીનું મોત થયું હોવાનું કોર્ટમાં સાબિત થયું હતું. ફરિયાદ પક્ષના વકીલ કેતન રેશમવાલાએ અસરકારક દલીલો રજૂ કરી હતી. ૧૭ વર્ષ સુધી ચાલેલી લાંબી કાનૂની લડત બાદ આવેલા આ ચુકાદાને પગલે તબીબી આલમમાં ચર્ચા જાગી છે.

અમદાવાદમાં કોંગ્રેસની 'સંવિધાન રક્ષા માર્ચ', ભાજપ સરકાર સામે કર્યા આકરા પ્રહારો

અમદાવાદ,તા.૨૫

અમદાવાદમાં ગુજરાત કોંગ્રેસ દ્વારા 'વોટ ચોર ગદ્દી છોડ'ના નારા સાથે 'સંવિધાન રક્ષા માર્ચ'નું આયોજન કરવામાં આવ્યું હતું. માર્ચ પહેલાં રાજીવ ગાંધી ભવન ખાતે જાહેરસભા યોજાઈ હતી. ભરતસિંહ સોલંકીએ આક્ષેપ કર્યો હતો કે અંગ્રેજોએ ૨૦૦ વર્ષમાં દેશને જેટલો લૂંટ્યો હતો, તેના કરતાં વધુ ભાજપે માત્ર ૧૨ વર્ષમાં દેશને લૂંટ્યો છે. જાહેરસભા બાદ નેતાઓ અને કાર્યકરોએ બંધારણની પ્રસ્તાવનાનું પઠન કરી સંવિધાન રક્ષણના શપથ લીધા હતા. ત્યારબાદ રાજીવ ગાંધી ભવનથી પાલડી ચાર રસ્તા સુધી માર્ચ યોજાઈ હતી. જેમાં રણદીપસિંહ સૂરજેવાલા, અમિત ચાવડા, ભરતસિંહ સોલંકી અને ગેનીબેન ઠાકોર સહિતના નેતાઓ જોડાયા હતા. માર્ચ દરમિયાન મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને પદ પરથી હટાવી ધરપકડ કરવાની માંગ સાથે સૂત્રોચ્ચાર કરાયા હતા.



સોમનાથ મંદિરની આસપાસ નોનવેજ વેચાણના મામલે હાઈકોર્ટનો સ્ટે ૧૬ ડિસેમ્બર સુધી યથાવત

અમદાવાદ,તા.૨૫

સોમનાથ મંદિરની આસપાસ ૫૦૦ મીટરની ત્રિજ્યામાં નોનવેજ વેચાણના મામલે ગુજરાત હાઈકોર્ટની ડિવિઝન બેન્ચે મહત્વનો નિર્ણય લીધો છે. નોનવેજ વેચાણ અંગેના જાહેરનામાને રદ કરતા સિંગલ જજના હુકમ સામે ડિવિઝન બેન્ચ દ્વારા આપવામાં આવેલો સ્ટે ૧૬ ડિસેમ્બર સુધી યથાવત રાખવામાં આવ્યો છે. આ કેસની આગામી સુનાવણી ૧૬ ડિસેમ્બરે યોજાશે. ઉલ્લેખનીય છે કે ગત ૩૦ ઓક્ટોબરે યોજાયેલી સુનાવણી દરમિયાન ડિવિઝન બેન્ચે દિવાળીના તહેવાર દરમિયાન મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ સોમનાથ મંદિરની મુલાકાતે આવતા હોવાની બાબતને ધ્યાનમાં રાખીને સિંગલ જજના હુકમ પર ૨૫ નવેમ્બર સુધી સ્ટે આપ્યો હતો. હવે આ મામલે વધુ સુનાવણી ૧૬ ડિસેમ્બરે હાથ ધરવામાં આવશે. હાઈકોર્ટના આગામી નિર્ણય પર મંદિર આસપાસના વિસ્તારમાં નોનવેજ વેચાણના મુદ્દે સૌની નજર રહેશે.



સુરતના ઈચ્છાપોરમાં વિધવા મહિલાની ગળે ટૂંપો આપી હત્યા : દુષ્કર્મની આશંકા

સુરત,તા.૨૫

સુરતના ઈચ્છાપોર વિસ્તારમાં વિધવા મહિલાની ગળે દોરી વડે ટૂંપો આપી નિર્મમ હત્યા કરાયેલી હાલતમાં મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ છે. રવિવારે ઘરેથી નીકળેલી મહિલા પરત ન ફરતાં પરિવારજનોએ શોધખોળ કરી હતી. મંગળવારે સવારે ઈચ્છાપોર બસ સ્ટેન્ડ નંબર-૩ પાછળ નહેરના કિનારેથી તેનો મૃતદેહ મળી આવ્યો હતો. ફોરેન્સિક પોસ્ટમોર્ટમમાં ગળે ટૂંપો આપી હત્યા કરાઈ હોવાનું સામે આવ્યું છે. શરીર પર ઈજાનાં નિશાન પણ મળી આવ્યાં છે. મૃતક મહિલા હીરાબુર્સની કંપનીમાં નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવતી હતી. પતિનું અગાઉ અવસાન થતાં એક પુત્રી અને બે પુત્રની જવાબદારી તેમના પર હતી. પોસ્ટમોર્ટમ દરમિયાન દુષ્કર્મ થયાની આશંકા વ્યક્ત કરાઈ છે, જોકે સેમ્પલના રિપોર્ટ આવ્યા બાદ જ સત્ય બહાર આવશે. ઘટનાની જાણ થતાં પોલીસે મૃતદેહનો કબજો મેળવી તપાસ શરૂ કરી છે. મહિલાની હત્યા કોણે અને કયા કારણોસર કરી તે દિશામાં પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે. માતાની હત્યાથી ત્રણ સંતાનોએ માતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.





